RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 232* Date: 19.06.2022 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નરેન્દ્ર મોદીએ પાવાગઢ ટેકરી પર પુનઃવિકાસિત કાલિકા માતા મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું

# સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પરંતુ આસ્થાનું શિખર શાશ્વત રહે છે.: વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),પાવાગઢ,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના ગુજરાત પ્રવાસ પર છે. પ્રધાનમંત્રીએ આજે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ટેકરી પર પુનઃવિકાસિત કાલિકા માતા મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા. આ પહેલા ગાંધીનગર પહોંચ્યા બાદ પીએમ મોદી તેમના માતા હીરાબેન મોદીને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. હીરાબેન મોદી આજે તેમના જીવનના ૧૦૦મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

આ મંદિર અને તેના પરિસરનો પુનઃવિકાસ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધ્વજ ફરકાવ્યો હતો. પુનઃવિકાસ દરમિયાન, પહેલા પાવાગઢ ટેકરીની ટોચને પહોળી કરીને મોટા સંકુલનો પાયો નાખવામાં આવ્યો હતો, ત્યારબાદ સંકુલના પ્રથમ અને બીજા માળે આનુષંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. મૂળ ગર્ભગૃહને જાળવી રાખવામાં આવ્યું છે અને સમગ્ર મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્ય મંદિર અને ખુલ્લા વિસ્તારને પહોળો કરવામાં આવ્યો છે. માતાજીના જૂના મંદિરમાં જ્યાં 'શિખર' સ્થાને દરગાહ હતી. દરગાહને સૌહાર્દપૂર્ણ બંદોબસ્તમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે અને એક નવું 'શિખર' બનાવવામાં આવ્યું છે, જેના પર એક થાંભલા પર ધ્વજ લગાવવામાં આવ્યો છે. પીએમ મોદીએ આ ધ્વજ લહેરાવીને મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

પીએમ મોદીએ આ પ્રસંગે પોતાના સંબોધનમાં કહ્યું કે, 'ક્યારે સપનું સંકલ્પ બની જાય છે અને જ્યારે સંકલ્પ સિદ્ધિના રૂપમાં આંખોની સામે હોય છે. તમે આની કલ્પના કરી શકો છો. આજની આ ક્ષણ મારા હૃદયને વિશેષ આનંદથી ભરી દે છે. કોઈ કલ્પના કરી શકે છે કે ૫મી સદી પછી અને આઝાદીના ૭૫ વર્ષ પછી મા કાલીના શિખર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો ન હતો, આજે મા કાલીના શિખર પર ધ્વજ લહેરાવવામાં આવે છે. આ ક્ષણ આપણને પ્રેરણા અને ઉર્જા આપે છે અને આપણી મહાન સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે નિષ્ઠા સાથે જીવવાની પ્રેરણા આપે છે. આજે સદીઓ બાદ ફરી એકવાર પાવાગઢ મંદિરમાં મંદિરના શિખર પર ધ્વજ લહેરાવવામાં આવ્યો છે. આ શિખર ધ્વજ માત્ર આપણી શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું પ્રતીક નથી! આ શિખર ધ્વજ એ હકીકતનું પણ પ્રતીક છે કે સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પરંતુ આસ્થાનું શિખર શાશ્વત રહે છે.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે જ્યારે સપનું સંકલ્પ બની જાય છે અને જ્યારે સંકલ્પ સિદ્ધિના રૂપમાં આંખોની સામે હોય છે. તમે આની કલ્પના કરી શકો છો. આજની ક્ષણ મારા હૃદયને વિશેષ આનંદથી ભરી દે છે, કોઈ કલ્પના કરી શકે છે કે ૫ સદીઓ પછી અને આઝાદીના ૭૫ વર્ષ પછી પણ મહાકાળી શિખર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો ન હતો. આજે મા કાળીના શિખર પર ધ્વજ ફરકાવવામાં આવે છે. આ ક્ષણ આપણને પ્રેરણા અને ઉર્જા આપે છે અને આપણી મહાન સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે નિષ્ઠા સાથે જીવવાની પ્રેરણા આપે છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, આજે સદીઓ બાદ ફરી એકવાર પાવાગઢ મંદિરમાં મંદિરના શિખર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો છે. આ શિખર ધ્વજ માત્ર આપણી શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું પ્રતીક નથી! આ શિખર ધ્વજ એ હકીકતનું પણ પ્રતીક છે કે સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પરંતુ આસ્થાનું શિખર શાશ્વત રહે છે. અયોધ્યામાં તમે જોયું છે કે ભવ્ય રામ મંદિર આકાર લઈ રહ્યું છે, પછી તે કાશીનું વિશ્વનાથ ધામ હોય કે મારા કેદાર બાબાનું ધામ. આજે ભારતનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ગૌરવ પુનઃસ્થાપિત થઈ રહ્યું છે. આજે નવું ભારત તેની પ્રાચીન ઓળખ સાથે તેની આધુનિક આકાંક્ષાઓ સાથે જીવી રહ્યું છે, તેના પર ગર્વ અનુભવે છે.પીએમ મોદીએ કહ્યું કે આજનો અવસર સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસનું પણ પ્રતિક છે. અત્યારે મને મા કાલી મંદિરમાં ધ્વજ ફરકાવવાનો અને પ્રાર્થના કરવાનો પણ મોકો મળ્યો છે. મા કાલીના આશીર્વાદ લઈને, વિવેકાનંદજી ભગવાનની જનસેવામાં લીન થઈ ગયા. માતા, મને પણ આશીર્વાદ આપો કે વધુ ઉર્જા સાથે, વધુ ત્યાગ અને સમર્પણ સાથે, દેશની જનતાના સેવક બનીને તેમની સેવા કરતા રહો. મંદિરનું પુનઃનિર્માણ ૨ તબક્કામાં કરવામાં આવ્યું છે. તેના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન એપ્રિલ ૨૦૨૨માં વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું. તે જ સમયે, આ કાર્યક્રમમાં બીજા તબક્કા હેઠળ ઉદ્‌ઘાટન કરવામાં આવનાર જીર્ણોદ્ધારિત ભાગનો શિલાન્યાસ ૨૦૧૭માં વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં મંદિરના પાયાનું વિસ્તરણ અને ત્રણ લેવલ પર 'કેમ્પસ', સ્ટ્રીટ લાઇટ, સીસીટીવી સિસ્ટમ





વગેરેનો સમાવેશ થાય છે.

પીએમે કહ્યું કે પંચમહાલના લોકોને મારી વિનંતી છે કે જે પણ શ્રદ્ધાળુઓ બહારથી અહીં દર્શન માટે આવે છે, તમારે તેમને તમારા રાજ્યના અન્ય પવિત્ર તીર્થસ્થાનો પર જવા માટે ચોક્કસ કહો. પહેલા પાવાગઢની યાત્રા એટલી મુશ્કેલ હતી કે લોકો કહેતા હતા કે જીવનમાં એકવાર માતાના દર્શન કરો. આજે અહીંની વધતી જતી સગવડોને કારણે મુશ્કેલ દર્શન સુલભ બની ગયા છે. માતાઓ, બહેનો, વડીલો, વિકલાંગ બાળકો, દરેક જણ માતાના ચરણોમાં આવી શકે છે અને તેમની ભક્તિ અને માતાના પ્રસાદનો સરળતાથી લાભ લઈ શકે છે.

પીએમે કહ્યું કે પાવાગઢમાં આધ્યાત્મિકતા છે, ઈતિહાસ પણ છે, પ્રકૃતિ પણ છે, કલા અને સંસ્કૃતિ પણ છે. અહીં એક તરફ મા મહાકાળીની શક્તિપીઠ છે તો બીજી તરફ જૈન મંદિરનો વારસો પણ છે. એટલે કે પાવાગઢ એક રીતે ભારતની ઐતિહાસિક વિવિધતા સાથે સર્વધર્મ સમાનતાનું કેન્દ્ર રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે ગુજરાતે ભારતની સ્વતંત્રતા અને તેના વિકાસમાં યોગદાન આપ્યું છે. આઝાદી સમયે આપણે ગુલામી અને અન્યાયથી પીડિત હતા, તેની સામે લડ્યા. ભારતની સાંસ્કૃતિક સ્વતંત્રતાનું નેતૃત્વ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું કારણ કે તેમણે સોમનાથ મંદિરનો પુનઃવિકાસ કર્યો હતો અને ભારતના વિકાસનો પાયો નાખ્યો હતો.

### અગ્નિપથ પર હિંસા

# શું આ પ્રદર્શનકારીઓના ઘર પર પણ બુલડોઝર ચાલશે ? : ઓવૈસી

હૈદરાબાદ,તા.૧૮

અગ્નિપથ સ્કીમને લઈને બિહાર, હરિયાણા સહિત દેશના ઘણા રાજ્યોમાં હિંસક પ્રદર્શન અને દંગાનો સિલસિલો સતત ચાલી રહ્યો છે. બિહારમાં ૫ ટ્રેનોને પ્રદર્શનકારીઓને આગના હવાલે કરી દીધી. સેનામાં ભરતીની નવી યોજનાથી નિરાશ યુવાનોનું કહેવું છે કે સરકાર આ યોજનાને વહેલી તકે પાછી લે. તો આ ઘટનામાં સરકારનું સ્પષ્ટ કહેવું છે કે સરકાર આ યોજનાથી આર્મીની નિયમિત ભરતી પ્રભાવિત નહીં થાય.અગ્નિપથ યોજના યુવાનોના ઉજવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને લાગૂ કરવામાં આવી રહી છે. બીજી તરફ આ મુદ્દાને લઈને દેશની રાજનીતિ પણ ગરમ થઈ ચૂકી છે. રાજકીય પાર્ટીઓ સેનાની નવી ભરતી પ્રણાલીને મોદી સરકારની મનમાની બતાવી રહી છે. એક ટી.વી. ડિબેટ શોમાં સામેલ એઆઈએમઆઈએમના ચીફ અસદુદ્દીન ઓવૈસીએ આ આખા પ્રકરણ માટે મોદી સરકારને જવાબદાર ઠેરવી છે. તેમને જ્યારે ટી.વી. એંકરે પૂછ્યું કે, તમે પયગંબર વિવાદને લઈને થયેલી હિંસાને લઈને કોઈ નિવેદન આપ્યું નથી તો અસદુદ્દીન ઓવૈસીએ સખત અંદાજમાં કહ્યું કે, 'આજે પણ જુમા છે અને માર્ગ પર હિંસા થઈ રહી છે, આ હિંસા કોણ કરી રહ્યું છે? શું સરકાર આ પ્રદર્શનકારીઓના ઘર પર પણ બુલડોઝર ચલાવશે. અસદુદ્દીન ઓવૈસીએ પયગંબર વિવાદ હિંસાને અગ્નિપથ સ્કીમના પ્રદર્શન સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. ન્યૂઝ એંકરે તેમને વારંવાર કહ્યું કે, તેઓ આ હિંસાને રોકવાની અપીલ કરી દે. ઓવૈસીએ મોદી સરકારને જવાબદાર ઠેરવતા કહ્યું કે, હું કોઈ અપીલ નહીં કરું. જોકે તેમણે એમ જરૂર કહ્યું કે, દેશમાં હિંસાની કોઈ જગ્યા નથી. તેમણે કહ્યું કે, હું ભાજપને અપીલ કરી રહ્યો છું કે તમે દેશની જનતાનો અવાજ સાંભળો, પોતાની ભૂલ માની લો અને નિર્ણય પાછા લઈ લો.

તેમણે કહ્યું કે, એ કેમ થયું? દેશના વડાપ્રધાનને હું હાથ જોડીને અપીલ કરું છું કે, તમે નિર્ણયને પાછો લો. જો હિંસા થઈ રહી છે તો સરકાર શું કરી રહી છે. સરકાર જવાબદાર છે. બુલડોઝર, બુલડોઝર કરી રહ્યા હતા. શું થયું બુલડોઝરનું? આ યોજનામાં ભરતી થનારા વિદ્યાર્થીઓને ન તો કોઈ રેક્ન આપવામાં આવી છે અને ન તો કોઈ પેન્શન આપવામાં આવી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂછ્યું કે, તમે આ નિર્ણય કેમ લીધો છે? સેનામાં લગભગ એક લાખ વેકેન્સી છે. ચીન આપણી જમીન પર બેઠું છે. પાકિસ્તાનથી આપણને જોખમ છે છતા આ નિર્ણય લીધો છે. મોદી સરકારનો આ નિર્ણય ખોટો છે.

# કૃષિ કાયદાની માફક અગ્નિપથ યોજના પણ પાછી લેવી પડશેઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૧૮

અગ્નિપથ યોજનાને લઈને દેશભરમાં ભારે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. દેશભરમાં હિંસક દેખાવો થઈ રહ્યા છે. ત્યારે હવે આ મુદ્દાને લઈને રાજકારણ પણ ગરમાવા લાગ્યું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર ટાર્ગેટ કરતા કહ્યું કે, જેવી રીતે કૃષિ કાયદા પરત ખેંચવા પડ્યા હતા, તેવી જ રીતે અગ્નિપથ યોજના પણ પાછી લેવી પડશે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે, ૮ વર્ષથી સરકારે સતત જય જવાન, જય કિસાનના મૂલ્યોનું અપમાન કર્યું. મેં તો પહેલા પણ કહ્યું હતું કે, પ્રધાનમંત્રીને કાળા કૃષિ કાયદા પાછા લેવા પડશે. ઠીક એવી જ રીતે તેમને માફીવીર બનીને દેશના યુવાનોની વાત માનવી પડશે અને અગ્નિપથને પાછી લેવી પડશે.



રાહુલ ગાંધીએ પોતાના ટ્વિટ દ્વારા આરોપ લગાવ્યો છે કે, સરકારે જવાનો અને ખેડૂતોનું અપમાન કર્યું છે. તો વળી કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ એક વીડિયો પોતાના ટ્વિટર પરથી શેર કરીને કહ્યું છે કે, આર્મી ભરતીની તૈયારી કરી રહ્યા ગ્રામિણ યુવકોનું દર્દ સમજીએ. ૩ વર્ષથી ભરતી નથી આવી, દોડી દોડીને યુવાનોના પગમાં જખ્મ થઈ ગયા. તેઓ નિરાશ છે, હતાશ છે. યુવાનો એરફોર્સ ભરતી રિઝલ્ટ અને ઓફર લેટરની રાહ જોઈ રહ્યા હતા. સરકારે તેમની સ્થાયી ભરતી, રેંક, પેન્શન, અટવાયેલી ભરતી, બધું છીનવી લીધું. કોંગ્રેસ તરફથી કહેવામા આવ્યું છે કે, અગ્નિપથ યોજના વિરુદ્ધ દિલ્હીના જંતર મંતર પર પ્રદર્શન કરશે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, કોંગ્રેસનું આ વિરોધ પ્રદર્શન મોટા પાયે હશે, જેમાં સાંસદો પણ સામેલ થઈ શકે છે.

# અગ્નિવીરને આસામ રાઈફલ- કેન્દ્રીય અનામત દળોમાં ૧૦% અનામત

નવીદિલ્હી,તા.૧૮

ભારતીય સેનામાં ભરતી માટે જાહેર કરાયેલી 'અગ્નિપથ' યોજના સામે બિહાર-ઉતરપ્રદેશ દેશના ૧૬થી વધુ રાજયોમાં સર્જાયેલા વિરોધ તથા સતત ત્રણ દિવસથી ચાલી રહેલી હિંસા વચ્ચે આજે એક તરફ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંઘની અધ્યક્ષતામાં સેનાની ત્રણેય પાંખના વડાઓની એક બેઠક મળી હતી તો બીજી તરફ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભારતીય સેનામાં 'અગ્નિવીર' તરીકે ચાર વર્ષની સેવા પુરી કરનાર જવાનોને આસામ રાઈફલ તથા કેન્દ્રીય અર્ધલશ્કરી દળોમાં ૧૦% અનામતની જોગવાઈ કરવાની જાહેરાત કરી છે.

આ ઉપરાંત 'અગ્નિપથ' યોજના હેઠળ આગામી તા.૨૪ની ભારતીય હવાઈ દળ અને નૌકાદળમાં ભરતી શરૂ થનાર છે અને પ્રથમ બેચ માટે ઉમરમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવી છે. મતલબ કે હવે પ્રથમ બેચમાં અગ્નિવીર તરીકે ચાર વર્ષની સેવા આપનાર જવાનને ઉંમર મર્યાદામાં પાંચ વર્ષની છૂટ મળશે

જયારે બીજી અને ત્યારબાદની દરેક બેંચને ત્રણ વર્ષની છૂટ સાથે આસામ રાઈફલ તથા અર્ધલશ્કરી દળોમાં ૧૦% અનામત સાથે ઉમર મર્યાદાનો પણ લાભ મળશે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહના કાર્યાલય દ્વારા ટવીટ કરીને આ જાહેરાત કરવામાં આવી છે અને જાહેર કરાયું છે કે અગ્નિવીર ૪ વર્ષની સેવા પુરી કરે તે પછીના તમામ લાભો મેળવી શકશે.

હજું ગઈકાલે જ કેન્દ્ર સરકારે અગ્નિવીરની પ્રથમ બેન્ચની ભરતી માટેની ઉમર મર્યાદા જે સાડા સતર વર્ષથી ૨૧ વર્ષની હતી તેમાં એક વખતના અપવાદ તરીકે ૨૩ વર્ષની કરવાની જાહેરાત કરી હતી.બીજી તરફ હવે આજે કેન્દ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહ ફરી એક વખત આ યોજના અંગે સમીક્ષા કરશે. જો કે ગઈકાલે જ સરકારે જાહેર કર્યુ છે કે તા.૨૪ જૂનથી હવાઈદળ તથા નૌકાદળમાં અગ્નિપથ યોજના હેઠળ ભરતી શરૂ કરાશે. જો કે આજે ગૃહમંત્રાલય દ્વારા જે વ્યાપક રીતે લાભો અને અનામતની જાહેરાત થઈ છે તેથી સરકાર હવે યોજનામાં પીછેહઠ કરે તેવી શકયતા નહીવત છે.

# દેશમાં કોરોના ૨૪ કલાકમાં ૧૩,૨૧૬ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૧૮

છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં કોરોનાની ગતિ વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૨૧૬ નવા કેસ નોંધાયા છે. જે શુક્રવાર કરતા ૨.૯% વધુ છે. દેશમાં રિકવરી રેટ ૯૮.૬૩% પર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૮,૧૪૮ દર્દીઓ સાજા થયા છે, જેનાથી દેશભરમાં સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૪,૨૬,૯૦,૮૪૫ થઈ ગઈ છે. ભારતમાં કોરોનાના કુલ ૬૮,૧૦૮ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫,૦૪૫ સક્રિય કેસ વધ્યા છે. ૨૪ કલાકમાં કુલ ૫,૧૯,૯૦૩ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જે બાદ ભારતમાં કોરોના ટેસ્ટની કુલ સંખ્યા ૮૫.૭૩ કરોડ પર પહોંચી ગઈ છે. જ્યારે દેશવ્યાપી કોરોના રસીકરણ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં ૧૯૨ કરોડથી વધુ રસીના ડોઝ લાગુ કરવામાં આવ્યા છે.

દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખને વટાવી ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા.

# આસામ પૂરમાં ૫૪ લોકોના મોત : ૧૮ લાખથી વધુ લોકો પ્રભાવિત

ગોવાહાટી,તા.૧૮

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી એ માહિતી આપી છે કે, આસામમાં પૂરને કારણે વધુ નવ લોકોના મોત થયા છે. જેનાથી અત્યારસુધીમાં કુલ મૃત્યુઆંક ૫૪ પર પહોંચી ગયો છે. આસામના હોજાઈ, નલબારી, બજલી, ધુબરી, કામરૂપ, કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાંથી મૃત્યુ નોંધાયા છે. આ વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનના કારણે ૫૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આસામના પૂરમાં ૨૮ જિલ્લાઓમાં ૧૮.૯૪ લાખ લોકો પૂરની સ્થિતિથી પ્રભાવિત થયા છે. રાજ્યના આંકડા મુજબ, ૯૬ મહેસૂલી વર્તુળો હેઠળના ૨,૯૩૦ ગામો હાલમાં પાણી હેઠળ છે.

અહેવાલો અનુસાર, પૂર પ્રભાવિત જિલ્લાઓમાં ૪૩૩૩૮.૩૯ હેક્ટર પાકની જમીન ડૂબી ગઈ છે. રાજ્યમાં બેકી, માનસ, પાગલડિયા, પુથિમરી, જિયા ભરાલી, કોપિલી ખાતે બ્રહ્મપુત્રા નદીનું જળસ્તર ખતરાના નિશાન ઉપર વહી રહ્યું છે. હાલમાં, ૧,૦૮,૧૦૪ પૂર પ્રભાવિત લોકો જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થાપિત ૩૭૩ રાહત શિબિરોમાં રહે છે. જેમાંથી એકલા બજલી જિલ્લામાં ૩.૫૫ લાખ, દારંગ જિલ્લામાં ૨.૯૦ લાખ, ગોલપારામાં ૧.૮૪ લાખ, બરપેટામાં ૧.૬૯ લાખ, નલબારીમાં ૧.૨૩ લાખ, કામરૂપમાં ૧.૧૯ લાખ અને હોજાઈ જિલ્લામાં ૧.૦૫ લાખ લોકોને અસર થઈ છે.

## તંત્રી સ્થાનેથી...

# પ્રાયોજિત અરાજકતા

***સેનાનાં ત્રણેય અંગોમાં ભરતી માટે લાવવામાં આવેલી અગ્નિપથ યોજનાથી અસહમત અને નાખુશ યુવાઓએ દેશના વિભિન્ન હિસ્સામાં જે રીતે ઉત્પાત મચાવ્યો અને આ દરમ્યાન પથ્થરમારો અને આગચંપીની સાથે દરેક પ્રકારની અરાજકતાનો પરિચય આપવામાં આવ્યો, તે આઘાતકારી તો છે જ, બલ્કે શરમજનક પણ છે. આખરે આવા અનુશાસનહીન અને અરાજક યુવાઓ સેનામાં ભરતી થવાને લાયક પણ કઈ રીતે હોઇશકે, જેઓ પોતાનો વિરોધ નોંધાવવાના બહાને રાષ્ટ્રની સંપત્તિને જ નષ્ટ કરવાનું કામ કરી રહ્યા છે? વિરોધના નામે ટ્રેનોને આગ ચાંપવી, રેલવે સ્ટેશનો પર તોડફોડ કરવી, સરકારી અને ખાનગી વાહનોને નુકસાન પહોંચાડવું ગુંડાગર્દી સિવાય કશું જ નથી અને આ બધી હિંસા પ્રાયોજિત હોવાનું પણ દેખાઈ આવે છે. આવું હિંસક આચરણ કોઈપણ કિંમતે સહન ન કરવું જોઇએ. રાજ્ય સરકારોએ એ સુનિશ્ચિત કરવું જોઇએ કે હિંસામાં સામેલ તત્ત્વો વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવામાં આવે. આ એટલા માટે જરૂરી છે, કારણકે હવે વિરોધના નામે દરેક પ્રકારની અરાજકતા પ્રદર્શિત કરવાનું અને તેના દ્વારા લોકોને ભયભીત બનાવવાનું કામ સામાન્ય થતું જાય છે. જો અરાજકતાનો સહારો લઈને શાસનને તેના નિર્ણયો પાછા ખેંચવા મજબૂર કરવાની પ્રવૃત્તિ પર પ્રહાર ન કરવામાં આવ્યો તો સરકારો માટે કામ કરવાનું તો મુશ્કેલ થઈ જ જશે, વાતે-વાતે કાયદો હાથમાં લેનારા અરાજક તત્ત્વોનું દુઃસાહસ પણ વધશે.***

***નિઃસંદેહ એ સમજાય છે કે સેનામાં ભરતી થવા માટે ઇચ્છુક કેટલાક યુવાઓને અગ્નિપથ યોજનાની કેટલીક જોગવાઈઓ ન ગમી હોય, પરંતુ તેનો એ મતલબ નહીં કે તેઓ સડકો પર ઉતરીને હિંસા આચરવા લાગે. દુર્ભાગ્યે બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, હિમાચલ સહિત કેટલાય અન્ય રાજ્યોમાં એવું જ થયું. એ માનવાનાં ઘણાં કારણો છે કે કેટલાક રાજકીય પક્ષોએ યુવાઓને અગ્નિપથ યોજના વિરુદ્ધ ઉશ્કેર્યા છે અને પોતાના ગુંડાઓ ઉતારીને હિંસાની શરૂઆત કરાવી છે. એ જોવું દયનીય છે કે સૈનિક બનવા માટે તત્પર જે યુવાઓએ અનુશાસનનો પરિચય આપવાનો હોય અને પોતાનો રોષ-આક્રોશ મર્યાદિત રીતે વ્યક્ત કરવાનો હોય, તેઓ સડકો પર ગુંડાઓની માફક ઉપદ્રવ કરતા દેખાયછે. આખરે દેશ સેવાનો આ કેવો જુસ્સો છે, જેમાં ના તો સંયમ દેખાય છે કે ના પોતાના વાંધાને સભ્ય રીતે રજૂ કરવાની રીત? એ સ્પષ્ટ છે કે જે યુવાઓ અગ્નિપથ યોજનાના વિરોધમાં સડકો પર હિંસા કરવા ઉતર્યા, તેમણે એ જોવાની પણ દરકાર ન રાખી કે સરકાર કઈ રીતે તેમની ચિંતાઓ અને સવાલોનું સમાધાન કરવા માટે સક્રિય છે. એ જ રીતે આ સમગ્ર મામલે સરકાર માટે પણ એક બોધપાઠ છે કે તેણે પોતાની કોઈ યોજનાને લાગુ કરતાં પહેલાં પૂરી તૈયારી સાથે આવવું જોઇએ, જેથી કોઈ પ્રકારના સંશય માટે કોઈ અવકાશ ન રહે.***

# અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ (ભાગ-૩)



અવધૂત ગુરૂ દત્તાત્રેય ઋષિએ બૃધ્ધિના વિકાસ માટે તથા વિશ્વમાં પોતાને સુરક્ષિત અને સફળ બનાવવા કુલ ૨૪ જીવો તથા પદાર્થોની પાસેથી તેમને ગુરૂ માનીને તેમની પાસેથી બોધ પ્રાપ્ત કર્યો છે. અત્યાર સુધી આપણે ૧૨ ગુરૂઓની વાતો કરી હતી.

(૧૩)મધુમાખીઃ મધુમાખી પાસેથી એ બોધ મળ્યો કેઃસાધકે બીજા દિવસના માટે ભિક્ષાનો સંગ્રહ ના કરવો.તેની પાસે ભિક્ષા લેવાનું કોઇ પાત્ર ના હોય તો બે હાથને ભેગા કરી લેવું, રાખવાનું કોઇ પાત્ર હોય તો તે પોતાનું પેટ છે.જે ધન મળ્યું છે તેને વાપરો અને બીજાને આપો,તેનો ફક્ત સંચય ના કરો, નહી તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે.જે ખાય છે અને ખવડાવે છે તે જ ખરો ખાનદાન છે. શાસ્ત્રોમાં ધનની ત્રણ ગતિઓ બતાવી છેઃદાન,ભોગ અને નાશ. દાન આપવામાં આપનારને સમાધાન અને લેનારને સંતોષ મળે છે.ભોગવવામાં ભોગવનારને જ સુખ મળે છે.જે આપતો નથી અને ભોગવતો પણ નથી તેના ધનનો નાશ થાય છે.એક પ્રાચિન ભજનની પંક્તિ છે કેઃ ×ધન મળ્યુ પણ મોજ ન માણી કહું કરમની કહાણી રે,કાં તો ભાગ્ય બીજાનું ભળ્યું કાં તો ખોટી કમાણી મારા સંતો.. જૂના ધરમ લ્યો જાણી રે..

(૧૪)હાથીઃ અવધૂતે જોયું કે હાથી હાથણના સ્પર્શ પાછળ ગાંડો થાય છે,તેને હાથણ સર્વસ્વ લાગે છે, તેના સ્પર્શ સુખની નબળાઇ માનવ સમજે છે તેથી તેનો સદઉપયોગ કરીને શક્તિશાળીને પણ પકડી લે છે. શિકારી એક ખાડો કરીને તેના ઉપર વાંસની પટ્ટીઓ ગોઠવી દે છે,તેના ઉપર ઘાસ પાથરીને જમીન જેવું બનાવી દે છે.ખાડાની બીજી તરફ હાથણને ઉભી રાખવામાં આવે છે.સ્પર્શ સુખના માટે પાગલ બનીને હાથી દોડતો આવે છે અને ખાડામાં પડી જાય છે.હાથીને કેટલાક દિવસો સુધી ભૂખ્યો-તરસ્યો રાખવામાં આવે છે પછી શિકારી તેને પોતાના તાબામાં લઇ લે છે.સ?પર્શ સુખની પાછળ ગાંડો થવાથી હાથી પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેસે છે.શક્તિશાળી હાથી પણ સ્ત્રી સ?પર્શમાં પાગલ બનીને બંધનમાં પડે છે.જગતમાં સ્ત્રી અને પુરૂષ ભગવાન નિર્મિત છે તેથી સ્ત્રીને ત્યાજ્ય સમજીને તેની નિંદા કરવાની નથી.જેના પેટથી આપણો જન્મ થયો, જેનું સ્તનપાન કરીને આપણે મોટા થયા તેની સાથે પશુવત વર્તન કરવાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે. સ્ત્રી તરફ પશુવત વર્તન એટલે સ્ત્રી તરફ ઇન્દ્રિય સુખની દ્રષ્ટિથી જ જોવું. પશુને માનસિક, બૌધિક કે આત્મિત સુખની દ્રષ્ટિ હોતી જ નથી,તેને ફક્ત શારીરિક સુખની જ ખબર હોય છે.માણસ પણ તે જ દ્રષ્ટિથી જુવે તો તે પશુવત દ્રષ્ટિ છે. સ્ત્રી પુરૂષ પરસ્પર ઉપભોગ કરે તો તેમાં કોઇ ખરાબી નથી પરંતુ સ્ત્રીમાં પાવિત્ર્ય નિર્માણ કરો અને તેના માટે ભક્તિની જરૂર છે.ભગવાને તમામનાં શરીર બનાવ્યાં છે,ભગવાન જ તમામનાં શરીરને ચલાવે છે.આ શરીરની અંદર ભગવાન જ બેઠા છે તેથી આ શરીર પવિત્ર છે,બીજાનું શરીર પવિત્ર માનવા માટે આ ત્રણ વાતો ઘણી જ અગત્યની છે.

(૧૫)હરણઃ એક શિકારી હરણનો શિકાર કરતો હતો.અવધૂતે તે જોયું.હરણ અતિશય ચપળ હતું,તેથી શિકારી તેને પકડી શકતો ન હતો.શિકારીને હરણની નબળાઇની ખબર હતી.હરણ ગાયન-સંગીતથી લોભાય છે.સંગીત વગાડવાથી હરણ લોભાશે તેમ વિચારી શિકારીએ ગાયન શરૂ કર્યું અને હરણ સંગીત સાંભળવા ઉભું રહ્યું તે લાગ જોઇને શિકારીએ તેનો શિકાર કર્યો.આ ઘટના જોયા પછી ભાગવતકારે તેના ઉપર એક વાર્તા લખી છેઃ

અયોધ્યા નગરી ઉપર આપત્તિ આવી હતી તેમાંથી અયોધ્યાની રક્ષા કરવી હોય તો ઋષ્યશૃંગ ઋષિને અયોધ્યામાં લાવવા પડે.રાજાએ વિચાર કરીને વેશ્યાઓને ઋષ્યશૃંગ ઋષિને લાવવાનું કામ સોપ્યું. ઋષિ તપ કરતા હતા તે સ્થળે વેશ્યાઓ (નૃત્યાંગનાઓ) પહોચી ગઇ.ત્યાં તેમને ગાયન-નૃત્ય શરૂ કર્યું. તેમના હાવ-ભાવ, નૃત્ય..વગેરે જોઇને ઋષ્યશૃંગ ઋષિ તેમને અનુકૂળ થઇ ગયા.અત્યાર સુધી તેમને સ્ત્રીને જોઇ જ ન હતી.શરૂઆતમાં તો તેમને લાગ્યું કે આ પ્રાણી કોન છે? મહાન તપસ્વી હોવા છતાં ઋષ્યશૃંગ ઋષિ લુબ્ધ થયા.આમાં ભાગવતકાર સમજાવે છે કેઃ જેને જીવન વિકાસ કરવો હોય તેમને ગાયન,નૃત્યના નાદમાં ના પડવું, તે પથચ્યુત બનાવી તકલીફ આપશે અને જે પરતંત્ર બુધ્ધિનો છે તે જીવન વિકાસ કેમ કરી શકે?જીવન વિકાસ કરવો હોય તો સ્વતંત્ર બુધ્ધિ જોઇએ.જીવન વિકાસના માટે બુધ્ધિ બગડવી ના જોઇએ.કપાળે તિલક કરીને આપણે બુધ્ધિની પૂજા કરીએ છીએ કારણ કેઃબુધ્ધિ બગડે તો વિચાર અને કર્મ પણ બગડે છે.

(૧૬)માછલીઃ અવધૂતે માછલી પાસેથી એવો બોધ ગ્રહણ કર્યો કે જેને જીવન વિકાસ કરવો હોય તેને રસનાનો મોહ છોડવો પડશે. માછીમાર કાંટામાં માંસનો ટૂકડો રાખીને માછલીને ફસાવે છે તેવી રીતે સ્વાદના લોભી દુર્બુધ્ધિ મનુષ્ય પણ પોતાના મનને મંથન કરનારી જીભને વશ થઇ જાય છે અને માર્યો જાય છે.વિવેકી પુરૂષ ભોજનને છોડીને બીજી ઇન્દ્રિયો ઉપર તો ખૂબ જ જલ્દીથી વિજય પ્રાપ્ત કરી લે છે પરંતુ તેનાથી રસના ઇન્દ્રિય (જીભ) વશમાં થતી નથી.

(૧૭)ટિંટોડીઃ અવધૂત એકવાર ટીંટોડીને જુવે છે.તેની ચોંચમાં માંસનો ટુકડો હતો,તેના લીધે બીજા બધા પક્ષીઓ તેની પાછળ પડ્યા હતા.છેવટે ટીંટોડીએ માંસનો ટુકડો ફેંકી દીધો કે તુરંત જ બધા હેરાન કરવાવાળા ચાલ્યા ગયા અને હેરાનગતિ દૂર થઇ. આના ઉપરથી અવધૂત કહે છે કે અપસંગ્રહના લીધે હેરાનગતિ થાય છે તે છોડી દો તો તકલીફ દૂર થાય છે.અહી માંસના ટુકડાનો અર્થ થાય છેઃઉપભોગ્ય વસ્તુ. કવિએ કહ્યું છે કેઃ ×જે છેડે એને કોઇ છોડતું નથી અને જે છોડે તેને કોઇ છેડતું નથી.×

(૧૮)પિંગલા વેશ્યાઃ દત્તાત્રેય પિંગલા નામની વેશ્યા પાસેથી પણ જ્ઞાન મેળવ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં તેની કથા આવે છે કેઃ વિદેહ નગરી મિથિલામાં એક નાચવા ગાવાવાળી પિંગલા નામની વેશ્યા રહેતી હતી,તે ધનની લોભી હતી.પ્રભુએ તેને સુંદરતા આપી હતી પરંતુ તેનો તે દુર્પયોગ કરતી હતી. ધનવાન અને લાલચુ પુરૂષોને લોભાવીને તે તેમની પાસેથી ધન પડાવતી હતી પરંતુ તેની યુવાની અસ્ત થતાં ધનવાન પુરૂષો તેની પાસે આવવાના બંધ થઇ ગયા.એક દિવસ તે ગ્રાહક શોધે છે અને તેમાં નિષ્ફળ જાય છે, તેથી તે પશ્ચાતાપ કરે છે કેઃ આ મારો દેહ વિલાસાર્થ નથી.પિંગલા સ્ત્રી હોવા છતાં સ્ત્રી શરીરની નિંદા કરે છે.તેને કામવાસના વિશે નફરત ઉભી કરી છે.કોઇની કામના પૂર્તિના માટે પોતાનું શરીર વાપર્યુ,તેથી તે જીવનથી કંટાળી ગઇ,છેવટે તેને વિચાર કર્યો કેઃમારાથી સૌથી નજીકમાં નજીક મારા હ્રદયમાં જ મારા સાચા સ્વામી ભગવાન વિરાજમાન છે કે જે વાસ્તવિક પ્રેમ,સુખ અને પરમાર્થનું સાચું ધન આપનાર છે.જગતના પુરૂષો અનિત્ય છે અને એક પ્રભુ જ નિત્ય છે તેમને છોડીને મેં તુચ્છ મનુષ્યોનું સેવન કર્યુ? કે જે મારી એક પણ કામના પુરી કરી શકે તેમ ન હતા,તેમને મને ફક્ત દુઃખ ભય વ્યાધિ શોક અને મોહ જ આપ્યાં છે.આમાં મારી મૂર્ખતાની હદ છે કે હું તેમનું સેવન કરતી રહી..ખરેખર ધનની લાલચ અને આશા ઘણી ખરાબ છે. મનુષ્ય આશાની ફાંસી ઉપર લટકી રહ્યો છે તેને તલવારથી કાપવાવાળી કોઇ વસ્તુ હોય તો તે ફક્ત વૈરાગ્ય છે.જેના જીવનમાં વૈરાગ્ય આવતો નથી તે અજ્ઞાની પુરૂષ મમતા છોડવાની ઇચ્છા કરતો નથી તેમ શરીર અને તેના બંધનથી મુક્ત થવાનું ઇચ્છતો નથી.પિંગલાએ પોતાને જ સમજાવ્યું કે હું ઇન્દ્રિયોના આધિન બની ગઇ ! મેં ખૂબ જ નિન્દનીય આજીવિકાનો આશ્રય લીધો ! મારૂ શરીર વેચાઇ ગયું ! લંપટ લોભી અને નિંદનીય મનુષ્યોએ તેને ખરીદી લીધું અને હું એટલી મૂર્ખ છું કે આ શરીરના બદલામાં ધન ઇચ્છતી રહી ! મને ધિક્કાર છે ! આ શરીર એક ઘટ છે તેમાં આડા ઉભા વાંસની જેમ હાડકાં ગોઠવાયેલાં છે.ચામડી,રોમ અને નખથી ઢંકાયેલું છે,તેમાં દશ દરવાજા છે કે જેમાંથી મળ-મૂત્ર નીકળતા જ રહે છે,તેમાંથી જો કોઇ સંચિત સંપત્તિ હોય તો મળ-મૂત્ર છે.મારા સિવાઇ એવી કંઇ સ્ત્રી હશે કે જે આ સ્થૂળ શરીરને પોતાનું પ્રિય સમજીને તેનું સેવન કરે? આ મિથિલાનગરી વિદેહીઓ અને જીવન્મુક્ત મહાપુરૂષોની નગરી છે અને તેમાં એકમાત્ર હું જ મૂર્ખ અને દુષ્ટ છું કારણ કેઃઆત્મ?દાની-અવિનાશી પરમપ્રિય પરમાત્માને છોડીને બીજા પુરૂષોની અભિલાષા કરૂં છું.મારા હ્રદયમાં વિરાજમાન પ્રભુ તમામ પ્રાણીઓના પરમ હિતૈષી,પ્રિયતમ સ્વામી અને આત્મા છે. હે મારા મૂર્ખ ચિત્ત ! તું બતાવ તો ખરૂં કે જગતના વિષયભોગોએ અને તેને આપવાવાળા પુરૂષોએ તને કેટલું સુખ આપ્યું? અરે ! તે પોતે જ જન્મ-મરણધર્મી હોય તે તને શાશ્વત સુખ કેવી રીતે આપી શકવાના હતા? હવે ખરેખર મારા કોઇ શુભ કર્મના ફળસ્વરૂપે મારા પ્રભુ મારી ઉપર પ્રસન્ન થયા છે તેથી જ તો આ દુરાશાથી મને વૈરાગ્યનો ભાવ થયો છે અને આ વૈરાગ્ય જ મને સુખ આપશે. હવે હું ભગવાનનો આ ઉપકાર આદરપૂર્વક શિશ ઝુકાવીને સ્વીકાર કરૂં છું અને વિષયભોગોની દુરાશાને છોડીને જગદીશ્વરની શરણ ગ્રહણ કરૂં છું.હવે મને પ્રારબ્ધ અનુસાર જે કંઇ પ્રાપ્ત થશે તેનાથી મારો જીવન નિર્વાહ કરી લઇશ અને ઘણા જ સંતોષ અને શ્રધ્ધાથી બાકીનું જીવન જગતના કોઇપણ પુરૂષની તરફ ન જોતાં મારા હ્રદયેશ્વર આત્મસ્વરૂપ પ્રભુની સંગ વિહાર કરીશ. જે સમયે જીવ તમામ વિષયોથી વિરક્ત બની જાય છે તે સમયે તે પોતે જ પોતાની રક્ષા કરી લે છે એટલે ખૂબ જ સાવધાનીની સાથે એ જોતા રહેવું જોઇએ કેઃસમગ્ર જગત કાળરૂપી અજગરથી ભયગ્રસ્ત છે.અવધૂત દત્તાત્રેય કહે છે કેઃવાસ્તવમાં વિષયોથી મુક્તિ થઇ જવાથી જ માનવ વાસ્તવમાં મુક્ત થઇ જાય છે તે મેં પિંગલા પાસેથી શિખ્યું તથા જેને પોતાના શરીરને પોતાની અને બીજાની કામનાપૂર્તિ માટે વાપર્યું છે તેને શરીરને અપમાનિત કર્યું ગણાય છે.ધનની ચિંતા અને ધનનું ચિંતન એ જ સર્વસ્વ નથી, ફક્ત વાસનાપૂર્તિ માટે જ માનવશરીર મળ્યું નથી,ક્ષુદ્ર પુરૂષોની સેવા કરવાથી કંઇ મળતું નથી.. આ પાંચ વાતો અવધૂત દત્તાત્રેયએ ગ્રહણ કરી.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## રેશનકાર્ડના અનાજનું કોઈ વ્યક્તિ કે રેશનીંગ દુકાનદાર દ્વારા

# નફા અર્થે વિતરણ ન થાય તેની ખાસ તકેદારી રાખવાનું જણાવતા જિલ્લા કલેકટરશ્રી

ગાંધીનગર

રાજય સરકાર દ્વારા રેશનકાર્ડ થકી આપતું અનાજ સાચા લાભાર્થી સુધી પહોંચે. તેમજ આ અનાજનું કોઈ વ્યક્તિ કે રેશનીંગ દુકાનદાર દ્વારા નફા અર્થે વિતરણ ન થાય તેની ખાસ તકેદારી રાખવા આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડો. કુલદીપ આર્યએ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં જણાવ્યું હતું.

આ બેઠકમાં કલેકટરશ્રીએ ઉમેર્યું હતું કે, એવું ધ્યાનમાં આવ્યું છે કે, અમુક રેશનકાર્ડધારક દ્વારા પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી લેવામાં આવે છે. તે સસ્તા ભાવે અનાજ થોડાક નફાનું ધોરણ લઈ વેપારી કે ફેરિયાને વેચી નાખવામાં આવતું હોય છે. આ પ્રકારની પ્રવૃત્તિ ના કરવા રેશનકાર્ડ ધારકોને અપીલ કરી હતી. તેમજ આ પ્રવૃત્તિ કરતા લાભાર્થીની, રેશનીંગદુકાનદાર અને ખરીદી કરતા વેપારી સામે ફરિયાદ કરી કડકમાંકડક કાર્યવાહી કરવાનું પણ તમામ મામલતદારશ્રીઓને જણાવ્યું હતું.રેશન કાર્ડ સાથે મોબાઈલ જોડવા માટે કરવાની પ્રક્રિયાને ઝુંબેશ રૂપે શરૂ કરવાનું પણ ભારપૂર્વક જણાવ્યું હતું

આ બેઠકમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મે-૨૦૨૨ અંતિત સુધી કરવામાં આવેલી વિવિધ કાર્યવાહી માટે ની આંકડાકીય વિગતો રજૂ કરવામાં આવી હતી. જે અનુસાર આ કચેરી દ્વારા મે માસ દરમ્યાન ૧૯ લાયસન્સ આપવામાં આવેલા છે. તેમજ ૮ પરવાના રિન્યુકરવામાં આવે છે. આ કચેરી દ્વારા ૧૨૫ વેપારીની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૭ વેપારીની ચીજવસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે. તેમજ મે-૨૦૨૨ દરમ્યાન એડજયુડિકેટ ઓફિસર દ્વારા ૮૫ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી સી.જે ચાવડા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એ.આર. ઠક્કર, તમામ મામલતદારશ્રીઓ સહિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતા હીરાબેનના ૧૦૦માં જન્મદિવસે ચરણોમાં બેસીને આશીર્વાદ લીધા

ગાંધીનગર,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદી આજે ૧૦૦ વર્ષના થયા છે. આ પ્રસંગે વડાપ્રધાને ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચીને માતાના આશીર્વાદ લીધા હતા. તેઓ આજે અનેક યોજનાઓનું ઉદ્ઘાટન કરશે. પીએમ બે દિવસની ગુજરાત મુલાકાતે પહોંચ્યા છે. તેઓ માતાના જન્મદિવસ નિમિત્તે માતૃશક્તિ યોજનાનું ઉદ્ઘાટન કરશે. આ સિવાય તેઓ રાજ્યને ૨૧ હજાર કરોડ રૂપિયાની ભેટ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ગાંધીનગર પહોંચ્યા અને માતા હીરાબાને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા.પીએમ મોદીએ તેમની માતા સાથે લગભગ ૩૦ મિનિટ વિતાવી. અને તેમની પ્રાર્થના પણ કરી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાના પગ ધોયા અને ભેટમાં શાલ પણ આપી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાજીની પૂજા કરી તેમના આશીર્વાદ લીધા હતા. વડાપ્રધાન મોદી પણ માતાના પગ પાસે બેસીને તેમની સાથે વાત કરતા જોવા મળ્યા હતા. વડાપ્રધાન મોદીના ભાઈએ ગૃહમાં વિશેષ પૂજા કર્યા બાદ હાજર તમામ લોકોના મોં મીઠા કરાવ્યા હતા. પીએમ મોદીએ તેમની માતા હીરાબેન સાથે ઘરે બનાવેલા મંદિરમાં પૂજા પણ કરી હતી. તેમજ વડાપ્રધાનને તેમના મનોભાવને સોશિયલ મીડિયા ઉપર શેર કરીને માતાને ૧૦૦ માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

## સપ્તાહ દરમિયાન સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ ક્રૂડ તેલ લપસ્યું

# નેચરલ ગેસમાં નરમાઈનો માહોલઃ કોટન, મેન્થા તેલમાં સુધારોઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૦૫૦૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૭૯૭૯ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૦થી ૧૬ જૂનના સપ્તાહ દરમિયાન ૩,૨૨૪,૮૯૫ સોદાઓમાં કુલ રૂ.૩૦૯,૧૮૦.૨૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૫૦૫૦૬.૨૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૫૭૯૭૯.૨૮ કરોડનો હતો. કીમતી ધાતુઓમાં સપ્તાહ દરમિયાન સોના-ચાંદીના વાયદાઓમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯ જેટલો ઢીલો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧૧૬ સુધર્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૩૦૯ ગબડ્યો હતો. નેચરલ ગેસમાં પણ નરમાઈનો માહોલ વાયદાના ભાવમાં હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન અને મેન્થા તેલ સુધરીને બંધ થયા હતા. કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સના જૂન વાયદામાં સપ્તાહ દરમિયાન ૪૮૭ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧,૨૨૮,૯૪૮ સોદાઓમાં કુલ રૂ.૬૮,૩૧૪.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૭૯૭ અને નીચામાં રૂ.૫૦,૧૫૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૯ ઘટી રૂ.૫૦,૯૮૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૪ ઘટી રૂ.૪૦,૬૮૨ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧ ઘટી રૂ.૫,૦૭૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૮૯૩ના ભાવે ખૂલી, રૂ.૨૬ ઘટી રૂ.૫૦,૯૪૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૧,૧૪૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૦૮૦ અને નીચામાં રૂ.૫૯,૩૫૮ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૧૬ વધી રૂ.૬૧,૫૨૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૦૩ વધી રૂ.૬૧,૭૭૧ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૧૬ વધી રૂ.૬૧,૭૮૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં ૧૦૮,૬૦૦ સોદાઓમાં રૂ.૧૮,૪૧૫.૦૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૭.૩૫ ઘટી રૂ.૨૧૫.૮૦ અને જસત જૂન વાયદો રૂ.૯.૧૦ ઘટી રૂ.૩૧૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૬.૭૦ ઘટી રૂ.૭૫૦.૭૦ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫૯૭,૩૯૩ સોદાઓમાં કુલ રૂ.૬૩,૨૯૧.૩૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૯,૪૨૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯,૬૩૫ અને નીચામાં રૂ.૮,૭૬૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૦૯ ઘટી રૂ.૯,૧૬૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧૦.૭૦ ઘટી રૂ.૫૮૦.૬૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪,૬૬૦ સોદાઓમાં રૂ.૪૮૫.૨૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૬,૭૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૫૭૦ અને નીચામાં રૂ.૪૬,૩૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૬૦ વધી રૂ.૪૭,૨૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૭૦ વધી રૂ.૧૦૪૯.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૯,૧૯૨.૪૨ કરોડનાં ૫૭,૪૨૯.૫૭૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૯,૧૨૨.૧૮ કરોડનાં ૬,૪૧૯.૨૫૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૨૪,૧૧૯.૬૯ કરોડનાં ૨૬,૧૨૮,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૩૯,૧૭૨ કરોડનાં ૬ ૧ ૨ ૮ ૭ ૦ ૦ ૦ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૦૫.૯૮ કરોડનાં ૮૬૯૭૫ ગાંસડી અને મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭૯.૩૦ કરોડનાં ૭૫૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૬૯૬.૯૯૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૮૫.૦૨૭ ટન, ક્રૂડ તેલમાં ૬૨૫૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૭૧૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૮૭૦૦ ગાંસડી અને મેન્થા તેલમાં ૫૨૭ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૬૯૪.૭૪ કરોડનાં ૯,૬૫૭ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૪૧૫ના સ્તરે ખૂલી, ૧ પોઈન્ટ વધી ૧૪,૪૬૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૫૭,૯૭૯.૨૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૮૭૨.૯૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૪૫.૬૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૪,૩૭૫.૭૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮,૦૭૮.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS NO :004

વિષયઃ આવરે વરસાદ, મેહુલિયો.. વરસાદને સાદ
પ્રકારઃ ગદ્ય / વાર્તા
શબ્દોઃ૩૦૦
શીર્ષકઃ શર્યત

મેઘલી આજે ખેતરેથી પાછી આવી રહી હતી તેની નજર દૂર દૂર સુધી ખેંચીને માથે હાથની છાજલી બનાવી જોતી રહી. ખેતરોના ખેતરો સૂકાભટ થઈ પડ્યા હતાં.ઓણ સાલ પણ ન વરસ્યો તો બચાડા ખેડૂતો જાન દેશે. શું કરે ધરતી મા કે મેહ વર્ષે?

ઘરે પહોંચી તો થાકીને લોથપોથ થઈ ગઈ હતી. વાંસો દબાય કરી શેતરંજી પર આડી પડી. ત્યાં તેને શમણું આયું કે ગામને છેવાડે વડ છે તેનો પડછાયો જે દી ઉગમણે પડશે તે દિ મેહ જામીને પડશે. તેની આંખ ખુલી ગઈ આવી વાત કરે તો કોઈ ગાંડી જ ગણે ને?

આમને આમ પંદર દહાડા તો ગયાં પણ સોળમે દિવસે તેણે રજતને વાત કરી. રજતે તેની વાત ઉડાડી દીધી.તેને ગળે વળગાડી વહાલ કરી સુખ લૂંટ્યું , કેટલે દિવસે બે મનખા એક થયાં. એક દિવસ બપોર ટાંકણે એ દહાડા ગણી રહી હતી ને તેને લાગ્યું કે મને શમણું આયાને પણ આજે એક મહિનો વીસ દિવસ નીકળી ગયાં. અચાનક તેને વિચાર આવ્યો કે હું માથે પણ ત્યારે જ થઈતી. પછી નથ થઈ ને એ તો એકદમ હરખાઈને દોડી રજતને શોધવા.

ભાગતી જાય ન તેને દિશાનું ભાન રહ્યું ન વેળાનું. ખુશખબર આપવા જ છે પહેલાં રજત જ ને જ આલુ ને પછી માવડીને. ત્યાં પહોંચી વડે ને જોયું તો ઉગમણે પડછાયો પડ્યો હતો. તે વિચારે ચઢી હાચે જ મેહ વરસશે કે મારી ખુશીનો મેહ વરસ્યો એ હાચો. આભલે તો કોઈ અણસાર નથ દિસતા. ત્યાં થોડે હાલીને ત્યાં આકાશે ક્યાંકથી કાળા મેઘ જાણે નગારા વાગે તેમ ડણક્યાં ધનનન ગર્જના થવા લાગી ને વીજળી ચમકવા લાગી. હાથીની ગર્જના થતી હોય ઈમ વાદળા એક્બીજાને ભીંડાયને અવાજ કરવા લાગ્યા. ગામ આખ્ખું પાદરે ભેગું થયું ને મેઘલીએ રજતનાં કાનમાં કહ્યું તે રાતે શમણું કહ્યું ત્યારે શર્યત બકી હતી ને તે અલ્યા એ સુખ પાંગર્યું છે મારા ઉંદરમાં. રજત તો સાંભળીને જ ગાવા લાગ્યો મેહુલિયા મન મૂકી વરસ આજ

મારે આંગણે આવ્યો મેઘ ગર્જ્યો,
કહું તને.. ગાઉં તુજને રેપ
આવ રે વરસાદ.. આવરે.

જયશ્રી પટેલ

------------------------------------------------

NOG SS No.0007

વિષય : આવરે વરસાદ
પ્રકાર : પદ્ય
શીર્ષક : તું તો આવ્યો હતો

તું તો આવ્યો જ હતો વરસાદ થઈને,
પણ મેં ઓઢી લીધું વાદળ મર્યાદાનું.
તું તો આવ્યો જ હતો વરસવા,
પણ મેં ધરી લીધું છત્ર લજ્જા કેરું.
તું તો આવ્યો જ હતો બુઝાવવા તરસ મારી પ્રીતની ચાતક કેરી,
પણ મેં લીધું આવરણ મૃગજળ કેરું.
તું તો આવ્યો જ હતો મને ભીંજવવા તારી પ્રીતથી,
પણ મેં દોરી લક્ષ્મણ રેખા વિનય કેરી.
તું તો આવ્યો જ હતો ફરી સપ્તરંગી મેઘધનુષ થઈને,
પણ મેં સ્વીકાર્યો શ્વેત રંગ સન્માન કેરો.
આજે ફરી આવ્યો વરસાદ,
ને ફરી રચાયું છાતીમાં મેઘધનુષ,
છું કોરીધાકોર હજીયે,
તું ભીંજવવા આવીશને મેહુલિયા?

લેખિકાઃ આરતી અઢીયા મરચંટ
મુંબઈઃ કાંદિવલી

------------------------------------------------

NOG SS No 0112

પ્રકાર,,,, ગદ્ય
વિષય,,, આવ રે વરસાદ
શીર્ષક,,, વરસાદની વિરહ વેદના

જેઠ મહિનો બેસતા જ ચોમાસાની ઋતુ શરૂ થઇ જતી હોય છે, જગતનો તાત અને પશુ પાલકો સહિત આમ જનતાની નજર ઉંચી આકાશ ભણી મીટ માંડે છે કે ક્યાંય વાદળો દેખાય છે ખરા ?

પરંતુ વરસાદ ક્યાંય દેખાતો નથી અને આમને આમ એક મહિનો વિતી જાય છે ત્યારે મેઘરાજાને વિનેવે છે કે હે મેઘરાજા,,,,,
જેઠ કોરો જાય તો અમને દલમાય દખ નહી,
અષાઢનો એક દી, અમને વહેમો લાગે વાલીડા

કારણ કે જેઠ મહિનો જતો રહે તો પણ પાછોતરા વરસાદ સારા હોય ત્યાં સુધી ખેતીની ઉપજ સારી લઇ શકાય, પશુ, પક્ષી, ઘાસચારો અને પીવાના અને સિંચાઈના પાણીનો પ્રશ્ન પણ હલ થઇ જતો હોય છે.

એટલે જ સાહિત્યકારો એ દુહામાં કહ્યું છે કે,,,,,,
બહુ મથે માનવી, ત્યારે માંડ વિઘો એક પવાય
ઈતો રઘુવીર રીઝે રાજડા, નવખંડ લીલો થાય,,,,

માટે જ સમગ્ર શ્રુષ્ટિ પર વસતા, પશુ પક્ષી અને માનવની આકાશ તરફ એક મીટ હોય કે,
આવ રે વરસાદ.

રાજેશભાઇ એસ વ્યાસ,ધ્રુવનગર,,,, મોરબી

------------------------------------------------

NOG SS No : 0042

વિષય - આવ રે.. વરસાદ
પ્રકાર -ગદ્ય
શીર્ષક - વરસાદ અને બહાના
શબ્દ -૨૮૩

ઘણા વર્ષો પહેલાની વાત છે. જૂન જુલાઈ મહિનામાં વરસાદનું એક ટીપુ પણ ના પડ્યું. ઈન્દ્રદેવ તો ઉંચાનીચા થાય અને કહે," પ્રભુ, મારું કામ લોકોને આ બે ત્રણ મહિનામાં આખા વર્ષનું પાણી પૂરું પાડવાનું છે. મને રજા આપો તો હું મારું કામ પૂરું કરું. ભગવાન કહે, "હે દેવ, લોકો મને શી પ્રાર્થના કરે છે એ સાંભળો પછી તમને જવા દઉં."

સ્કૂલે જતાં બાળકો-"હે ભગવાન, આજ વરસાદ ના આવે તો સારું આજે ટેસ્ટ માટે કશી તૈયારી નથી કરી."

ગૃહિણી-"હે ભગવાન, આજે વરસાદ ના આવે તો સારું. મહેમાન આવવાના છે. કામ પણ ઘણું છે જો વરસાદ આવશે તો કામવાળી પણ નહિ આવે મારે જ બધું મેનેજ કરવું પડશે."

છાપાવાળા-"હે ભગવાન, આજ વરસાદ ના આવે તો સારું. એક તો પગ દુખે છે. છાપાનો ઘા નહીં થાય અને દરવાજો ખખડાવીને દેવા જવું પડશે. એના કરતાં આજે આવવાનું રહેવા દે."

પતિદેવ-"હે ભગવાન, આજ વરસાદ ના આવે તો સારું એક તો પેટ ખરાબ છે ને ઘેર જઈશ તો ઘરવાળી ભજીયા જ બનાવશે. તબિયત વધારે બગડશે."

પ્રેમિકા-"હે ભગવાન, આજ વરસાદ ન આવે તો સારું. માંડ ડેટનું ગોઠવાયું છે. જો વરસાદ આવશે તો મારો મેકઅપ ધોવાઈ જશે અને મારું ઓરીજીનલ રૂપ છતું થઈ જશે."

ઇન્દ્રદેવ તો આ બધું સાંભળી ગુસ્સે થઈ ગયા પણ નાના બાળકોને,ખેડૂતોને, પ્રાણીઓને,પાણી માટે વલખા મારતા લોકોને જોઈ વરસી પડયાં.

વિચારો આપણે બધાંએ પણ એકવાર તો વરસાદને ન આવવા માટે વિનવ્યો હશે! ખરું ને? આવી યાદી તો ગણી ન શકાય એટલી હશે! વરસાદની જરૂરિયાતથી કોણ માહિતગાર નથી! તો ચાલો આજથી એક સંકલ્પ કરીએ વરસાદને વધાવવા અને આવવા માટે નાના બાળકની જેમ ગાઈએ 'આવ રે...વરસાદ ઘેબરિયો પરસાદ, ઊની ઊની રોટલી ને કારેલાનું શાક.'

પૂજા(અલકા)કાનાણી

------------------------------------------------

NOG SS No : 0092

પ્રકારઃ- પદ્ય
વિષયઃ- આવ રે વરસાદ!
શિર્ષકઃ- યાદ છે તને?

પહેલા વરસાદની એ પહેલી હેલી
યાદ છે તને?
ભીંજાયા હતા જયાં તન- મન ચોધાર
એ યાદ છે તને?
મનની કોરી ધરા પર કર્યું' તું તે,
લાગણીઓનું વાવેતર એ યાદ છે તને?
મોરના ટહુકાનું સંગીત હતું ચરમ સીમા પર,
ઢેલનું નર્તન હતું સ્વર્ગલોકના આનંદથી ઉપર.
ઉઠી હતી તરસી ધરાના દેહથી મીઠી સોડમ,
યાદ છે તને? ક્યાંક હતું એક છત્રીમાં રહી,
સાથે ભીતર સુધી પલળવાનું ઝનૂન.
ક્યાંક એકલા હૈયાને દઝાડતી વર્ષા સામેનો આક્રોશ,
આપણું નિતાંત હેતમાં ભીંજાવું યાદ છે તને?
કેટલીય પ્રાર્થનાઓનું ફળ આ વર્ષા,
પર્જન્ય યજ્ઞનું તપોબળ આ વર્ષા.
અબોલ જીવોના અસ્તિત્વનું બળ આ વર્ષા,
ઝંખી'તી આપણે પળેપળ આ વર્ષા યાદ છે તને?
નભમાં ચમકતી વીજના થડકાર ઉરમાંય થતા,
બહાર કરતા બહાદુરીનો દેખાવ પણ
મન ભીતરથી ગભરાતા.
વીજળીના ચમકારે થયેલો આપણા પ્રણયનો એકરાર
યાદ છે તને?
દર ચોમાસે પહેલા વરસાદની હેલી,
પ્રીતની વર્ષગાંઠ બની આવે છે.
ઉજવવા આવે છે મેઘ એની વીજળી સંગાથ,
યાદ છે તને?

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

------------------------------------------------

NOG NO. S.S. 0059

વિષયઃ"આવ રે વરસાદ"
પ્રકારઃ ગદ્ય- લેખ.
શીર્ષકઃ"પધારો -પધારો વર્ષારાણી"
શબ્દ સંખ્યાઃ૨૬૫.
જયકાન્ત ઘેલાણી -પ્યારે".

"આવ રે વરસાદ..."
પધારો-પધારો વર્ષારાણી.
"બ્રિસ્ટિ એસો" (બંગાળી),
"યેરે યેરે પાવસા"(મરાઠી),
"વરસાત તૂ જલ્દી અચ" (સીંધી)

ઉપરના જુદી જુદી ભાષાના અવનવા પ્રેમથી તરબોળ થયેલા અનેક શબ્દો, કહેવતો, લોકગીતો કવિતાઓ તેમજ ટૂંકા રમુજી ટૂચકાઓ વર્ષા ને આવકારવા તૈયારછે.

લગભગ આપણાં આમંત્રણ નો સ્વિકાર કરી સમયસર પધારી આપણાં ઊપર અમીવર્ષા વરસાવેજછે,
જે આપણુ અહોભાગ્ય છે.

આછે વર્ષા સાથેનો
જીવસૃષ્ટિનો મોહ !
જાદૂઈ અકળ સંબંધ !

તો પંખી પ્રાણી પણ તેની ભાષામાં જગતના તાત અને સમગ્ર સૃષ્ટી ના પાલનહારછે તેવી મેઘરાજાની રાણી ,વર્ષારાણી ને પોતાની ભાવભરી મીઠી વાણીમા જરૂર આવકારેછે ને !
જેમકે,
ચાતક પક્ષી, બપૈયા, મોર, તમરાં ,પ્યારે નાનામોટા દેડકા પણ પોતાનું આમંત્રણ વર્ષારાણીને આપેજછે!
શબ્દો, અવાઝ ,જુદી જુદી ભાષાના પણ અર્થ એકજ આમંત્રણ!
અનેક શબ્દો અરસ પરસના પ્રેમાળ સંબંધોને ગાઢ બનાવવા સિમેન્ટ નુ કામ કરેછે,
જયારે આજનો આપેલો શબ્દ
"આવ રે વરસાદ" ત્રણજ શબ્દોનો સમૂહ અને ફકત સાત
અક્ષર,પ્યારે", સમસ્ત સૃષ્ટીની
જીવસૃષ્ટિ ના ભાવીને સંભાળવાનુ સામર્થ્ય ધરાવેછે,
અને તેથીજ
સમસ્ત વિશ્ર્વની પ્રજા ,
"આવ રે વરસાદ" ની ચાતકપક્ષીની જેમ આતુરતાપૂર્વક
રાહ જૂએછે.
વરસાદ એકાદ વર્ષ મોડો આવે કે ન આવે તો સમગ્ર સૃષ્ટી ની હાલત કેવી થાયછે તેની કલ્પના આપણા ગાત્રો ઢીલા કરવાં કાફીછે.
વરસાદ ના આગમનથીજ સમગ્ર પૃથ્વી હરિયાળી સાડી ધારણ કરી વર્ષારાણીને મીઠો આવકાર આપેછે, તો શીશુ જગત પોતાની મનોકામના વ્યક્ત કરવા કાગળની હોડી પાણીમાં તરવા દોટ મૂકેછે, તો જગતનો તાત અન્ન ની વાવણી કરવાના મૂર્હત ને વધાવેછે.મંદિરોમા આનંદનો ઘંટારવ રણકી ઉઠેછે, ચારેકોર આનંદ ઊત્સાહની હેલી ઊમટી રહેછે, નદીઓ બે કાઠાની મર્યાદા તોડવા ગાંડી બનેછે.
આછે મેઘરાજાની રાણી, વર્ષારાણીનો અદભૂત જાદુ
આવ રે વરસાદ,ઢેબરિયો પ્રસાદ
ઉની ઉની રોટલીને કારેલાનુ શાક !

વર્ષારાણીનું મનભાવન વ્યજન!

# સ્વસ્થ સમાજનું ઘડતર

એક બાજુ રોગચાળાની સીઝન ચાલે છે તો ક્યાંક ચૂંટણીની....! ક્યાંક ડેંગ્યુ તો ક્યાંક સ્વાઈન ફ્લ્યુ, ક્યાંક મેલેરિયા તો ક્યાંક ગંભીર કેન્સરની બિમારી પણ વધતી જાય છે હવે તો કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી દીધુ છે. આવામાં આપણે જોયું છે કે કોઇ ઈલાકામાં, નગરમાં કે રાજયમાં જ્યાં રોગચાળો વિપુલ પ્રમાણમાં ફેલાય છે ત્યાં ડૉક્ટર કે વૈદ્ય એવા ડરથી ગભરાઈને ઘરમાં નથી બેસી રહેતા કે આ બિમારીનો ચેપ તેઓને ના લાગી જાય પરંતુ તેઓ પોતે આગોતરી સાવચેતી રૂપે (પ્રીકોશન તરીકે) દવા લઈને કે એવા આગવી સુરક્ષાના સાધનો લઈને રોગીઓની સેવા માટે તત્પરતાથી જે તે સ્થળે વિના વિલંબે પહોંચી જાય છે. દવાખાનાઓમાં ડૉક્ટર્સ, નર્સો, સિક્યોરીટી સ્ટાફ,પોલીસ અને એવા કેટલાય લોકોખડે પગે સેવા આપે છે.

બસ, આ જ રીતે સાચા સંતો, સદગુરૂ પણ સંસારમાં ફેલાયેલા વેર, ઈર્ષા, નિંદા, નફરત, લાલચ જેવા રોગો જે ચોમેર ફેલાયેલા છે તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. પણ, આ કામ માત્ર સંતો જ કરે એ જરૂરી નથી (અને ખાસ તો અમુક ગણ્યા ગાંઠ્યા ઠગ તરીકે સાબિત થયેલા સંતોને લીધે સાચા સંતો માટે પણ લોકોને શંકા ઉપજે છે.) પરંતુ, સૌથી વધુ જરૂર છે દેશના નેતાઓએ ફરજ બજાવવાની. કારણકે લોકો જ આ નેતાઓ પર વિશ્વાસ રાખીને તેઓને ચૂંટી લાવે છે. આથી જ્યાં જ્યાં ચોરી,ભ્રષ્ટાચાર, લૂંટફાટ, ખૂન-ખરાબા જેવા ખુલ્લેઆમ ગુનાઓ થાય છે તે અટકાવી શકાય તેમ છે પરંતુ પ્રથમ જરૂર છે આવા રોગચાળાની અસર કે ચેપ પોતાને ન લાગે એવા પૂર્વ તૈયારીરૂપે પોતે દવા ખાવાની...!(પ્રીકોશનની) અર્થાત જે વાયદાઓ ચૂંટણી વખતે એટલે કે ચૂંટાતા પહેલા કરવામાં આવે છે તેને વળગી રહે અને જેના થકી તેઓ ચૂંટાઈ આવ્યા છે તેઓને ન્યાય અપાવે અને આગળ જતાં આ બધા ગુનાઓરૂપી રોગો સંપૂર્ણપણે નાબૂદ કરવાના પ્રયત્નો કરે તો જરૂરથી એ પોતે પણ સ્વસ્થ રહેશે અને સમાજને, રાજ્યને અને અંતે સમગ્ર દેશને પણ સ્વસ્થ બનાવી શકશે. નામદેવની વાર્તા આપણે જાણીએ જ છીએ કે પ્રથમ તેમણે પોતાને પ્રિય ગોળ ખાવાનો છોડ્યો પછી જ છોકરાને ગોળ છોડવાની સલાહ આપી અને એ છોકરાને વધુ પડતો ગોળ ખાતો છોડાવવામાં સફળ થયા. આમ, ટૂંકમાં, નેતાઓ પણ સંતધર્મ અપનાવીને સ્વસ્થ સમાજનું ઘડતર કરી શકે તેમ છે.

દરેક માતા-પિતા એમ ઈચ્છે છે કે પોતાનું બાળક સ્વચ્છ જીવન જીવે ..અરે, ચોર અને ડાકુ પણ પોતાનું બાળક મોટો અધિકારી બને કે મોટો માણસ બને એમ ઈચ્છે છે પરંતુ, આપણે સૌએ અનુભવ્યું છે કે બાળક એ કામ કરે છે જે માતા પિતા કરે છે, કહે છે એ નહિ. અર્થાત, અનુકરણ કરે છે, તે જ રીતે નેતાઓનું જીવન સમાજ માટે ઉદાહરણરૂપ બને છે. ફક્ત વચન નહિ, માટે કથની અને કરણી એક રાખનાર નેતા સ્વસ્થ સમાજનું ઘડતર કરવામાં હમેશા સફળ થશે એવું મારૂ સ્પષ્ટપણે માનવું છે મને લાગે છે તમે સૌ પણ સંમત થશો મારા મંતવ્ય સાથે ખરૂં ને?

આપણે સૌ ભારતીયોભાગ્યશાળી છીએ કે આપણો ભારત દેશ સંતો-મહંતોનો દેશ છે. જયાં ગાયને પણ માતાનો દરજ્જોઆપવામાં આવે છે. અરે ભારત દેશ ને પણ ભારત માતા કહેવાય છે.

વધુમાં, સંત નિરંકારી મિશનના આજના સમયના સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ મળ્યા છે જેમણે આપણને સૌને આ મહામારીના સમયમાં પણ ઓનલાઈન જ્ઞાનગોષ્ઠિ નો અમૂલ્ય લાભ આપ્યો છે અને હવે દરેક સંત નિરંકારી સત્સંગ ભવનો માં સત્સંગ પણ શરૂ કરી દીધેલ છે, ગાંધીનગરમાં પણ સંત નિરંકારી સત્સંગ ભવન સેક્ટર-૩૦ ખાતે આવેલછે. "સંત નિરંકારી સત્સંગ ભવન, શાંતિવન સોસાયટીની સામે, ચીપ ટાઇપ શોપીંગની સામે, ચ-રોડ, સેક્ટર-૩૦ માં આવેલ છે. જયાં દર રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી અને દર ગુરૂવારે સાંજે ૭.૦૦ થી ૮.૦૦ સત્સંગ કાર્યક્રમનું નિયમિતપણે આયોજન થાય છે. અહિં કોઇ પણ જાતના ભેદભાવ વગર દરેક આ સત્સંગનો લાભ લઈ શકે છે. વધુમાં, દર મંગળવાર અને ગુરૂવારે સવારે ૭.૦૦ થી ૭.૩૦ સુધી ટી.વી. માં સાધના ચેનલ પર પણ સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના સત્સંગનો કાર્યક્રમ ચાલેછે. આ સત્સંગે આપણને નકારાત્મક વિચારો/વાતાવરણથી દૂર રાખ્યા છે જેથી આત્માનો ખોરાક પણ રોજેરોજ મળી રહે છે અને મનની સ્વસ્થતા પણ જળવાય છે અને એક સ્વસ્થ સમાજનું ઘડતર પણ થાય છે. આથી,ગાંધીનગરની જનતાને આ સતસંગનો લાભ લેવા નમ્ર વિનંતી છે. સત્સંગ માટેની વધુ વિગતો માટે મો. નં ૯૮૯૮૦૧૨૬૯૨ પર ફોન કરીને માહિતી મેળવી શકાશે.

**લક્ષ્મી મુરલીધર વાધવાણી-ગાંધીનગર**

# અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું!!

શીર્ષક વાંચીને શ્વેત ક્રાંતિ, ઓપરેશન ફલડ, સહકારી પ્રવૃતિ કે અમૂલ , ઝાઝા હાથ રળિયામણા કે વિના સહકાર નહીં ઉધ્ધાર ટાઈપના ટાયલા વાંચવાની અબળખા હોય તો અહીંથી વાંચવાનું છોડી દેજો. ?હું તમારી મનઘડંત કથા નથી લખવાનું તેમ સોઇ ઝાટકીને કહું છું.!!!

વડોદરાની એક અબળા સ્વપ્રયત્ને ઓટોગામી મેરેજ કરવાની જાહેરાત કરે છે.એટલામાં શાંત જળમાં કંકર ફેંકાય ને પાણીમાં વમળો સર્જાય તેમ ઉત્પાત શરુ થયો.

કોઇ કોડીલી કન્યા લગ્ન કરવાનો ઈરાદો વ્યક્ત કરે તો બધાએ અંતકરણથી વધાવી લઈને યત્કિંચિત મદદ કરવાની હોય. કોઈએ પાનેતર લઇ આવવાનું હોય.કોઈએ ઘરેણા લઇ આવવાના હોય. કોઈએ રામણદીવડો લઇ આવવાનો હોય. લગ્નના ઘણા કામો હોય છે. લગ્નમાં કન્યાના બાપને જાન વળાવવામાં ન આવે ત્યાં સુધી ટેન્શન હી ટેન્શન હૈ!! માળી, રસોઇયા, પિરસણીયા,મહારાજ, ફોટોગ્રાફર હાયર કરવા. કેટકેટલી જફા હોય છે!!!

લગ્નના ઘણા પ્રકાર છે. અમુક લોકો વરને બદલે તલવાર સાથે કન્યાને ત્રણ ફેરા ફેરવે છે અને એક ફેરો વરરાજા સાથે ફેરવે છે. આને ખાંડું ફેરવવું કહે છે. અમુક જગ્યાએ વરને બદલે વરની બેન સાથે નવોઢાના ફેરા ફેરવવામાં આવે છે. અમુક લગ્નોમાં માત્ર પુરૂષો જ જાનમાં જાય છે. લગ્નપ્રથા પ્રાચીનતમ પ્રથા છે!!

પુરૂષના સ્ત્રી સાથે,સ્ત્રીના સ્ત્રી સાથે, પુરૂષના પુરૂષ સાથે સ્ત્રીના ભગવાન સાથે ( દેવદાસી પ્રથા) લગ્ન થાય છે. અલબત, લેસ્બિયન અને ગે લગ્નો અમુકતમુક દેશોમાં કાનૂની નથી. નિકાહ એ કરારનામું છે. લીવ ઇન રીલેશન લગ્ન કર્યા વગર સહજીવન માણવાની સગવડ છે.

સોલોગૈની લગ્ન વિશે કૂતુહલ છે. જેર્જ્ઞ્ક્ષ્ઠદ્બઅ દ્વર્ઠીક્ષ્ઠિક્ષ્ની ની શરૂઆત ક્યારે થયેલી તે સળગતો સવાલ છે?આ પ્રકારના લગ્નનો ઈતિહાસ જૂનો છે. પ્રથમવાર સોલોગૈમીનો અસ્તિત્વ અમેરિકાથી મલ્યુ. વર્ષ ૧૯૯૩માં અમેરિકાની એક મહિલાએ પોતાનાથી લગ્ન કર્યા હતા. તે મહિલાનો નામ લિંડા બારકર હતો. લિંડાએ સેલ્ફ મેરેજ માટે ૭૫ મેહમાનોને આમંત્રણ આપ્યુ હતુ. ત્યારબાદ પશ્ચિમી દેશમાં સોલોગૈમીનો ટ્રેડ વધ્યુ હતું. આજનાં સમયમાં ફક્ત જાપાનમાં જ નહીં પરંતુ ઇટલી, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, તાઇવાન અને બ્રિટનમાં સોલો વેડિંગનો ટ્રેન્ડ વધી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતી ૨૮ વર્ષીય પેટ્રીસીયા ક્રિસ્ટીન નામની યુવતીએ ગત વર્ષે પોતાની સાથે લગ્ન કર્યા હતા. પેટ્રીસીયા ટીચર છે. ૮ વર્ષ પહેલાં તેની સગાઈ તૂટી ગઈ હતી. તે સમયે દુઃખી થવાને કારણે પેટ્રીસીયાએ આગળ વધવાનો નિર્ણય કર્યો હતો અને પોતાની ફેવરિટ બનીને જિંદગી વિતાવવાનું નક્કી કર્યું હતું. ૨૦૧૪માં જાપાનની રાજધાની ક્યોટોમાં સેરેકા ટ્રાવેલ્સ નામની કંપનીઓએ યુવતીઓ માટે સોલો વેડિંગ પેકેજ પણ જાહેર કર્યા હતાં. સોલો વેડિંગમાં પેકેજમાં દુલ્હન બે દિવસ હોટલમાં રહે છે. દુલ્હનનો ડ્રેસ ફિટિંગ કરવામાં આવે છે, બેક્વેટ હોલ ડિઝાઇન કરવામાં આવે છે. દુલ્હનને હેરસ્ટાઇલ અને મેકઅપ પણ કરી દેવામાં આવે છે. આ પછી, આખું ફોટોશૂટ થાય છે અને લગ્નનો આલ્બમ પણ તૈયાર કરીને આપવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે છે, મહેમાનોને બોલાવવામાં આવે છે. બધા કામ એક્સપર્ટ્સ કરે છે, તે સંપૂર્ણપણે રિયલ વેડિંગ છે, બસ તેમાં કોઈ વર કે વહુ નથી.

આ પ્રકારના અટકચાળાનું કારણ શું !?સોલોગામીના સમર્થકો એવો દાવો કરે છે તેઓ પોતાની જાતને જ પ્રેમ કરે છે અને પોતાના મૂલ્યો સાથે ખુશીથી જીવન જીવવા માગે છે. આવા લોકો બીજી કોઇ વ્યક્તિના બદલે પોતાની જાતને જ જીવનસાથી તરીકે પસંદ કરે છે. મહિલાઓમાં સોલોગામી કેમ લોકપ્રિય? કેટલીક મહિલાઓને લાગે છે કે તે પોતાની જાત સાથે જેટલી ખુશ રહી શકે છે એટલી પોતાના પાર્ટનર સાથે નહીં રહી શકે અને આ કારણે તેઓ સોલોગામીનો વિકલ્પ પસંદ કરે છે.

આ પ્રકારના લગ્નથી વાસ્તવમાં સેંકડો સંબંધોનો ખુડદો બોલી જાય છે. નણંદ, જેઠાણી, દેરાણી, નણંદોઇ, પાટલા સાસુ, સાળી, સાળાવેલી વગેરે ઇતિહાસની ગર્તામાં ધકેલાઇ જાય છે. લગ્ન પછી કોના ઘરે ગૃહપ્રવેશ કરવો, અક્ષત ભરેલો કળશ ઢોળવો, કંકુના પાણી ભરેલ તાંસમાં પગ મુકી કંકુપગલા કરવા, દિવાલે છાપા મારવા વગેરે પ્રશ્નો વણઉકેલ્યા રહે છે!!દહેજ,ડોમેસ્ટિક વાયોલન્સ, વહુની પજવણી જેવી સમસ્યાનું નિર્મૂલન થાય છે. અજનબી કિસમનાસ્વજાત વિવાહમાં જાત સાથે ન ફાવે તો ફારગતી,લખણુ, છૂટાછેડા પણ થઇ શકે છે.તે માટે નાતનું પંચ બોલાવી ઘરમેળે( આમાં ઘર કયાંથી આવ્યું? લેખક મહાશય!!)કે કોર્ટમાં ડીવોર્સ પીટીશન ફાઇલ કરી વરસોના વરસ રાહ જોઇ યુવાનમાંથી આધેડ, પ્રૌઢ, વૃધ્ધ કે વયોવૃદ્ધ થવાની જરૂર નથી. ગયા વર્ષે એક સોલોગામી છૂટાછેડાની પણ જાણ કરવામાં આવી હતી જ્યારે બ્રાઝિલિયન મોડલ, ક્રિસ ગેલેરા (૩૩) એ જાહેરાત કરી હતી કે, તેણી માત્ર ૯૦ દિવસ પછી તેણીના સોલો-મેરેજને સમાપ્ત કરી રહી છે કારણ કે તેણી કોઈ અન્ય સાથે પ્રેમમાં પડી ગઈ હતી. આ લગ્ન કદાચ એલોપથી જેવા અકસીર ન હોય તો પણ આયુર્વેદની જેમ આડઅસર વિનાના હશે. સાથોસાથ હોમિયોપેથ જેવા નિરુપદ્રવી છે!!

વડોદરા શહેરની યુવતી ક્ષમા બિંદુએ પોતાની જાત સાથે લગ્ન કરવા જઈ રહી છે. તથા લગ્નની તમામ તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. તેવી જાહેરાત કરતાં વિરોધ તેજ થવા લાગેલો.કોઈ પણ મંદિરમાં લગ્ન નહીં કરવા દેવાની ચેતવણી પણ આપવામાં આવેલી. તમામ પ્રકારના વિરોધનું અતિક્રમણ કરીને વિરાંગનાએ નૂતન કેડી કંડારેલી છે!!

બિંદુએ પોતાની જ સાથે લગ્ન કરી લીધાં છે. તેણે ઇન્સ્ટાગ્રામ ઉપર આ બાબતની જાણકારી આપી છે. ગુરુવારે (૯ જૂન ૨૦૨૨) પોતાની દુલ્હનવાળી તસવીર પણ પોસ્ટ કરી હતી. તસ્વીર પોસ્ટ કરીને તેણે લખ્યું, "ખુદ સે મોહબ્બત મેં પડ ગઈ, કલ મેં અપની હી દુલ્હન બન ગઈ."હજુ આશ્ચર્યની વાત એ છે કે ક્ષમા હવે હનિમૂન પર પણ જશે. આ માટે તેણે ગોવા પર પસંદગી ઉતારી છે.

બિંદુ ઓટોગામી, સોલોગામી સ્વવિવાહમાં ખુશખુશાલ રહે એવી શુભકામનાઓ.

સ્વવિવાહ છૂટાછેડામાં ન પરિણમે તેવી પણ શુભકામનાઓ!!

**ભરત વૈષ્ણવ**

------------------------------------

નથી
કશામાં પણ પ્રવૃત નથી,
તો પણ સહેજે નિવૃત નથી.
કશામાં પણ આસકત નથી,
તો પણ અનાસકત નથી.
કશામાં રાગ, અનુરાગ નથી,
તો પણ ક્યાંય વિરકત નથી.
ધંધામાં બોણી કે લાભશુભ નથી,
તો પણ લગીરે બરકત નથી.
હરિ સદેહે બોલાવતા નથી,
તો પણ જવાની ફિતરત નથી.

**ભરત વૈષ્ણવ**

**પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સરગાસણ, પેથાપુર અને વાવોલ ખાતે ૨૧૦૦ ઇ.ડબલ્યુ.એસ- ૨ પ્રકારના આવાસોનું નિર્માણ કરાશે**

# ગુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂપિયા ૨૫ કરોડથી વધુના ખર્ચે નિર્માણ કરવામાં આવેલા ૩૩૬ આવાસોનું આજરોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વડોદરા ખાતેથી ઇ- લોકાર્પણ




ગાંધીનગર

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂપિયા ૨૫ કરોડથી વધુના ખર્ચે નિર્માણ કરવામાં આવેલા ૩૩૬ આવાસોનું આજરોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વડોદરા ખાતેથી ઇ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ આ યોજના અંતર્ગત વાવોલ, સરગાસણ અને પેથાપુર ખાતે નિર્માણ પામનાર ૨૧૦૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો.

રાયસણના સ્વર્ણિમ સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલ સમારંભમાં ઉપસ્થિત સાસંદ શ્રી હસમુખભાઇ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ- ૨૦૨૪ સુધીમાં તમામ દેશવાસીઓનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જે અંતર્ગત આજે ગુડા દ્વારા ત્રણેસોથી વધુ પરિવારને ગૃહ પ્રવેશ કરાવ્યો છે. આજે સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧ લાખ ૪૧ હજાર આવાસોના ખાતમુહૂર્ત અને ઇ- લોકાર્પણ કરવામાં આવ્યા છે. તેમજ મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અને આદિજાતિ તાલુકા માટે પોષણ સુધા યોજના નો પણ આરંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકારમાં કોઇ લાભાર્થીઓને ઘરના સ્વપ્ન દેખાડવામાં આવ્યા નથી. પરંતુ તેમના ઘરના ઘરના સ્વપ્નને સાકાર કરવામાં સહકાર આપ્યો છે. આજે ગાંધીનગરમાં ૩૩૬ પરિવારના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. આગામી ટુંક સમયમાં ગાંધીનગર જિલ્લાના અન્ય ૨૧૦૦ પરિવાર પોતાના ઘરમાં ગૃહ પ્રવેશ કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણાએ જણાવ્યું હતું કે, આ સરકારના શાસનમાં જે કામનો આરંભ થાય છે, તે કામ પણ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું સુચારું આયોજન કરવામાં આવે છે, તેનું ઉત્તમ દષ્ટાંત આજથી દોઢ વર્ષ અગાઉ શરૂ કરવામાં આવેલા આ લોકાર્પણ થયેલ આવાસો છે. તેમણે ઘર મેળવનાર તમામ લાભાર્થીઓને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થઇ ગયા બાદ પોતાના બાળકના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમને શિક્ષણ આપવા માટેની વાત પર પણ ભારમુક્યો હતો. તેમજ પરિવારના સુખ માટે વ્યસન મુક્ત થવા માટે પણ અનુરોધ કર્યો હતો.

ગુડા દ્વારા નવનિર્મિત કુડાસણ ખાતેના પ્રધાનમંત્રી આવાસ યોજનાના ઇડબલ્યુએસ-૨ના ૩૩૬ આવાસોનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ થયા બાદ રાયસણના સ્વર્ણિમ સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલ સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રતિકાત્મક રૂપે ૧૦ લાભાર્થીઓને મકાનની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમના આરંભ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી ગુડાના ચેરમેન અને મહાનગરપાલિકાના કમિશનર શ્રી ર્ડા. ધવલભાઇ પટેલ જણાવ્યું હતું કે, કુડાસણ ખાતે પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત નવનિર્મિત ઇડબલ્યુએસ આવાસોમાં દરેક યુનિટમાં ડ્રોઇંગ રૂમ, બેડરૂમ, કીચન, ટોઇલેટ, વોશ એરિયા ની સુવિધાવાળા ૩૪.૩૬ ચો.મી કારપેટ એરિયા ઘરાવતા ૩૩૬ આવાસોનું બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં દરેક બ્લોકમાં આધુનિક પેસેજર લીફ્ટ તથા ફાયર લીફ્ટની સુવિધા છે. આ આવાસોનું બાંધકામ ક્રોક્રીટ રોડ, પાર્કિગ, કંમ્પાઉન્ડ વોલ, એન્ટ્રી એકઝીટગેટ, સ્ટ્રીટ લાઇટ, સોલાર સિસ્ટમ, જનરેટર, બગીચા સાથેનો કોમન પ્લોટ, પાણીનો બોરવેલ સાથે અંડર ગ્રાઉન્ડ સમ્પ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, ફાયર ફાઇટનીંગ સિસ્ટમ કોમ્યુનિટી હોલ જેવી માળખાકીય સુવિધા પૂરી પાડવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઇડબલ્યુએસ- ૨ આવાસો પેથાપુર, વાવોલ, સરગાસણ ખાતે ૨૧૦૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો. આ આવાસો ભુકંપ પ્રતિરોધક આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર ઘરાવતા નેશનલ બિલ્ડીંગ કોડની ગાઇડલાઇન મુજબ નિર્માણ કરવામાં આવશે. જેમાં ફાયર સેફ્ટી, પેસેન્જર તથા ફાયર લીફ્ટ, જનરેટર સુએજ, ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ચિલ્ડ્રન પ્લે એરિયાજેવી અઘતન સુવિધા પુરી પાડવામાં આવશે. આ આવાસો એક બેડરૂમ, હોલકિંચન તથા સંડાસ બાથરૂમ સાથે અંદાજે ૩૭ ચો.મીટર કાર્પેટ એરિયા ઘરાવતા બનાવવામાં આવી રહયા છે. દરેક આવાસની કિંમત ૮.૫ લાખ છે. જેમાંથી લાભાર્થીઓ પાસેથી ૫.૫ લાખ રૂપિયા મેળવવાના રહેશે. તથા બાકીની રકમ સબસીડી રૂપે રૂપિયા ૧.૫ લાખ કેન્દ્ર સરકાર અને રૂપિયા ૧.૫ લાખ રાજય સરકાર તરફથી આપવામાં આવશે.

પેથાપુર ખાતેના આવાસો જુલાઇ- ૨૦૨૨, વાવોલ ખાતેના આવાસો જાન્યુઆરી- ૨૦૨૩ અને સરગાસણ ખાતેના આવાસો જુલાઇ- ૨૦૨૩માં પૂર્ણ કરવામાં આવશે.

રાયસણ ખાતે યોજાયેલ સમારંભમાં ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

### શિક્ષણ મંત્રી એક નજર ઈધર ભી..

## શિક્ષણ જગત ને શર્મસાર કરતી વધુ એક કલંકિત ઘટના બનાસકાંઠા માં

### ભાભરમાં સ્કુલના શિક્ષકે વિદ્યાર્થીની સાથે છેડતી કરતા વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ.

(બનાસકાંઠા સમાચાર )

ભાભરની રાધે ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને શિક્ષક અને છાત્રોએ છેડતી કરી વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી હતી આ વીડિયો વાયરલ કરવાની ધમકી બાદ ટેન્શનમાં રહેતી વિદ્યાર્થીનીએ દસ દિવસ અગાઉ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

જે બાદ પરિવાર સાથે આત્મવિલોપન કરવાની વિદ્યાર્થિનીના કાકાએ ચીમકી ઉચ્ચારતા જે બાદ પોલીસે ફરિયાદ લીધી હતી ફરિયાદ લીધા બાદ વિદ્યાર્થીના મોતના દસ દિવસ બાદ શિક્ષકની ધરપકડ કરાઈ હતી.

બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓ પર દિનપ્રતિદિન અત્યાચાર વધી રહ્યા છે ત્યારે શિક્ષણ જગત ને શર્મસાર કરતો આવો જ એક કિસ્સો બનાસકાંઠા જિલ્લામાં વધુ એક સામે આવ્યો છે. ભાભર ખાતે આવેલ રાધે ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને આજથી એક વર્ષ અગાઉ સ્કૂલમાં તેના શિક્ષક અને છાત્રોએ છેડતી કરી વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી હતી.

વિડીયો વાયરલ કરવાની ધમકી બાદ યુવતી શારીરિક રીતે ટેન્શનમાં રહેતી હતી આ ઘટના બાદ યુવતીએ દસ દિવસ અગાઉ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ ઘટનાને લઇ પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો અને પોતાની દીકરીને ન્યાય મળે અને આરોપીને સજા થાય તેરી માંગ સાથે જ્યોતિના કાકાએ પરિવાર સાથે આત્મવિલોપન કરવાની ચિમકી આપી જે બાદ પોલીસ દ્વારા આ યુવતીના પરિવારની ફરિયાદ પોલીસે લીધી હતી. જે બાદ પોલીસે શિક્ષકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંધીનગર જિલ્લામાં કોઈ પણ ચીજવસ્તુ છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેતા અને

## તોલમાપમાં ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા વેપારીઓ સામે કડક હાથે પગલાં લેવા જણાવતા જિલ્લા કલેકટરશ્રી

ગાંધીનગ: શનિવાર:

ગાંધીનગર જિલ્લામાં કોઈ પણ ચીજવસ્તુ છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેતા અને તોલમાપમાં ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા વેપારીઓ સામે કડક હાથે પગલાં લેવા માટે જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યએ આજે તોલમાપ નિયંત્રણ તંત્રના અધિકારીશ્રીને સુચના આપી હતી.

જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં કલેકટરશ્રી ર્ડા કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, કોઈપણ વેપારી દૂધ, પાણીની બોટલ કે અન્ય ચીજ વસ્તુઓ ઉપર છાપેલી કિંમત કરતાં વધુ કિંમતના લઈ શકે. પરંતુ અમુક વેપારીઓ દ્વારા નફાનું ધોરણ વધુ લેવાના આશયથી આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે.ચીજવસ્તુઓની છાપેલી કિંમત કરતાં વધુ કિંમતે ગ્રાહકોને ચીજ વસ્તુઓ વેંચતા હોય છે. ગ્રાહકો કોઈપણ મજબૂરી કે અન્ય કારણોસર નાછૂટકે વેપારીની પાસેથી ઉંચી કિંમત ચૂકવી વસ્તુઓની ખરીદી કરતા હોય છે. તેમજ કરિયાણાની દુકાન, શાકભાજીના વેપારીઓ કે અન્ય તોલ કરીને વસ્તુનું વિતરણ કરતા વેપારીઓ દ્વારા ગ્રાહકોને તોલમાપમાં છેતરપિંડી કરતા હોય છે. આવા વેપારીઓ સામે એક ઝુંબેશ શરૂ કરી તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવા પણ તેમને સૂચના આપી હતી

કલેક્ટરશ્રી ઉમેર્યું હતું કે, જાગૃત ગ્રાહકો પોતાની ફરિયાદ સરળતાથી કરી શકે તે માટેની સુચારુ વ્યવસ્થા કચેરી દ્વારા જિલ્લામાં ગોઠવવી જોઈએ.આ બાબતનો પ્રતિસાદમાં નિયમન તંત્રના અધિકારીશ્રી જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાના કોઈપણ ગ્રાહક તોલમાપ નિયંત્રણ અંગેની ફરિયાદ મોબાઇલ નંબર ૭૩૮૩૦૧૬૬૯૯ પર કરી શકે છે. ટિવટ્ટર પર પોતાની ફરિયાદ કરી શકશે તે માટે ટિવટૂર એકાઉન્ટ @Tolmap_ Gujઅને @chandresh _ kotak...h પણ આ ફરિયાદ કરી શકશે. આ પ્રકારની ફરિયાદ ઈમેઇલ tolmap-ahd@gujarat.gov.in પર પણ કરી શકાશે. ગ્રાહક પોતાની લેખિત ફરિયાદ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, બ્લોક નંબર ૨,ડી-૧ વિંગ, સાતમો માળ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦/એ,ગાંધીનગર ખાતે કરી શકે છે.

આ બેઠકમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી સી.જે.ચાવડા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એ.આર. ઠક્કર સહિત સંબંધિત અધિકારીશ્રીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રજાપતિ સમાજના ચાર યુવાનો દ્વારા સ્થાપિત

## PEN ગૃપ દ્વારા સૌ પ્રથમવાર ગુજરાત નાં પ્રજાપતિ કલાકારો ને એક મંચ પર એકત્ર કરાયા

ગુજરાત ભર માંથી ઉપસ્થિતિ રહેલા અંદાજિત ૨૧૦ પ્રજાપતિ કલાકારો ને શિલ્ડ,પ્રમાણપત્ર અને મોમેન્ટો થી સન્માનિત કરાયા.. ગુજરાત નાં ખુણે ખુણે વસતા પ્રજાપતિ સમાજના કલાકારોને એક મંચ પર એકત્ર કરી તેઓની કલાને બિરદાવવા નું ભગીરથ કાર્ય પ્રજાપતિ એન્ટર પ્રેનયોર નેટવર્ક (PEN) ગૃપ દ્વારા તાજેતર માં એસ.બી.ફાર્મ, નાના ચિલોડા, ન્યુ શાહીબાગ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

પ્રજાપતિ સમાજના ચાર નવયુવાનો રાકેશ,રાહુલ, મિતેશ અને અલ્પેશ દ્વારા ગુજરાત ભરમાં રહેતા પ્રજાપતિ સમાજના કલાકારોને પ્રોત્સાહિત કરી તેમને પ્લેટ ફોર્મ પુરૂ પાડવાનાં આશય સાથે પ્રસ્થાપિત કરવામાં આવેલ પ્રજાપતિ એન્ટર પ્રેનયોર નેટવર્ક (PEN) ગૃપ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ગુજરાત ભર માંથી પ્રજાપતિ સમાજના અંદાજિત ૨૧૦ કલાકારો ને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેમાં પાટણ પ્રજાપતિ સમાજના ગૌરવ સમા ગાયીકા અવનીબેન કાંતિલાલ પ્રજાપતિ અને ભાર્ગવી વિનોદકુમાર પ્રજાપતિ ને પણ ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

અમદાવાદ ખાતે સૌ પ્રથમવાર પ્રજાપતિ સમાજના ચાર નવયુવાનો દ્વારા સ્થાપિત ગૃપ દ્વારા સમાજના કલાકારોને પ્રોત્સાહિત કરવા આયોજિત કરાયેલા સન્માન સમારોહ કાર્યક્રમ માં સમાજના ઉંચા ગજાના કલાકારો તેમજ સમાજ શ્રેષ્ઠીઓ નાં વરદ હસ્તે તમામ કલાકારો ને શિલ્ડ, પ્રમાણપત્ર અને મોમેન્ટો એનાયત કરી પ્રોત્સાહિત કરી એક બીજા કલાકારો નો પરિચય કેળવવામાં આવ્યો હતો. ગુજરાત ભર માંથી ઉપસ્થિતિ રહેલા પ્રજાપતિ સમાજના કલાકારો દ્વારા સમાજના ચાર યુવાનો નાં ગૃપ દ્વારા સૌ પ્રથમવાર આયોજિત કરવામાં આવેલ આ કાર્યક્રમની સરાહના કરી આભાર ની લાગણી વ્યક્ત કરી હતી.

. રિપોર્ટ પાટણ બ્યુરો

### પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા બીમાર અને ઘાયલ પશુઓની ફરિયાદ બીજે દિવસે કેરી ફોરવર્ડ કરવાની વ્યવસ્થા

ગુજરાત રાજયમાં ચાલતી કરુણા ઍમ્બ્યુલન્સ-૧૯૬૨ સાંજ સુધી ઘાયલ અને બિમાર પશુ-પક્ષીની ફરિયાદો અટેન્ડ કરીને તેમને સારવાર આપવાનું કાર્ય કરે છે.પરંતુ ફરિયાદોનું પ્રમાણ વધુ અને તબીબી સ્ટાફનું પ્રમાણ ઓછું હોવાથી એક દિવસમાં દરેક ફરિયાદનું નિવારણ લાવવું શક્ય બનતું નથી. આથી ઘણી ફરિયાદો અટેન્ડ થઈ શકતી નથી , જે બીજે દિવસે પણ કેરી ફોરવર્ડ કરવામાં આવતી નથી . બીજે દિવસે નવેસરથી ફરિયાદો નોંધવામાં આવે છે. આ બાબત ધ્યાન પર આવતા ગુજરાત રાજ્યના એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય પંકજ બૂચ દ્વારા પશુપાલનમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર દ્વારા પશુહિતમાં રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, ફરિયાદ નોંધવાનાં સોફટવેરમાં ફેરફાર કરીને બાકી રહેલી ફરિયાદો બીજે દિવસે કેરી ફોરવર્ડ કરવામાં આવે અને તેને પ્રાધાન્ય આપવામાં આવે. ઉપરાંત પંકજભાઈ બૂચ દ્વારા રાજ્યના દસ ગામોમાં ચાલતી કરુણા ઍમ્બ્યુલન્સ અંગેની વિગતવાર માહિતી જાહેર કરવા વિનંતી કરાઇ હતી. જેથી જાહેર જનતા તેનો ઉપયોગ કરી શકે અને પશુ પક્ષીઓની સારવાર સહેલાઈથી કરવી શકે. પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા પંકજભાઈ બૂચની આ રજૂઆતોને ધ્યાનમાં લઈને હકારાત્મક પ્રતિભાવ આપી પશુહિતમાં ઘાયલ અને બીમાર પશુઓની ફરિયાદ બીજે દિવસે કેરી ફોરવર્ડ કરવાની વ્યવસ્થા ગોઠવવા અને તે અંગે કાર્યવાહી કરવા સૂચના આપી છે.

## અમદાવાદના પીરાણા ખાતે આયોજિત થયું જિલ્લા કક્ષાનું ગુજરાત ગૌરવ અભિયાન



વડોદરામાં આયોજિત ગુજરાત ગૌરવ અભિયાનના સાક્ષી માત્ર વડોદરાવાસીઓ જ નહીં પરંતુ ગુજરાતના અનેક જિલ્લાના લાખો લોકો વર્ચ્યુઅલ જોડાઈને બન્યા હતા. જેમાં અમદાવાદના પીરાણામાં આવેલા નિષ્કલંકી નારાયણ ધામમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય થકી પરંપરાગત રીતે કાર્યક્રમનો શુભારંભ કરાવાયો હતો.

રાજયને વિકાસની નવી ઉંચાઈ પર પહોંચાડતી વિવિધ વિકાસલક્ષી યોજનાઓને ગતિ આપતા ગુજરાત ગૌરવ અભિયાનમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ગૃહપ્રવેશ કરાવાયો. કલેકટર શ્રી અને અન્ય મહાનુભવોએ લાભાર્થીઓને કળશ અને ઘરના ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વડોદરાના તેમના સંબોધનમાં ટાંક્યુ હતું કે લાખો મહિલાઓ વિવિધ યોજનાઓ થકી ૩ હજાર કરોડની સંપત્તિના માલિક બન્યા છે. આવા જ મહિલા લાભાર્થીઓ મોટી સંખ્યામાં પીરાણા ખાતે હાજર રહ્યા હતા. સાણંદના લાભાર્થી કંચનબેન જાદવ અત્યાર સુધી પતરાના મકાનમાં રહેતા પણ પીએમ આવાસ યોજના થકી તેમને સપનાનું ઘર મળ્યું. વિરમગામના હંસાબેન ઠાકોર પણ કાચા મકાનમાં જીવન ગુજારતા હતા, ચોમાસામાં છત પરથી પાણી ટપકવાને કારણે મોટું નુકસાન થતું પણ પીએમ આવાસ યોજના થકી ૩.૫૦ લાખ રૂપિયાની તબક્કાવાર સહાય મેળવી તેઓ આજે પાક્કા મકાનમાં રહેતા થયા છે. આવા તો અનેક બહેનોએ એક સાચા સ્વજન બનવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો. ગુજરાત ગૌરવ અભિયાનમાં અમદાવાદ જિલ્લા કલેકટરની સાથે જિલ્લા વિકાસ અધિકારી, અમદાવાદ જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન, વિવિધ તાલુકા પંચાયતના પ્રમુખો અને કારોબારી સભ્યો, અધિકારીઓ અને પદાધિકારીઓ સહિત જિલ્લાના લાભાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## કોટેશ્વર ખાતે આવાસ યોજનાનો લોકાર્પણ તથા ગૃહ પ્રવેશ કાર્યક્રમ યોજાયો

આજ રોજ મધુર મિલન આવાસ, કોટેશ્વર ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે લોક સુવિધાના કામોનું લોકર્પણ અને ગૃહપ્રવેશ કાર્યક્રમ યોજયો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત આયોજિત કાર્યક્રમમાં AMTS ના ચેરમેનશ્રી, ઔડાના ચેરમેનશ્રી, ઔડાના મુ.કા.અ.શ્રી, પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં માન. ચેરમેનશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં માન. વડાપ્રધાનશ્રીના વડોદરા ખાતેના મુખ્ય કાર્યક્રમનું લાઇવ પ્રસારણ બતાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત AHP ઘટક હેઠળ EWS-II પ્રકારના રૂ. ૩૧.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૨૬૬ આવાસોનું લોકાર્પણ તથા ૧૫ લાભાર્થીને કબજા સોંપણી પત્ર આપવામાં આવ્યા. વધુમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત BLC ઘટક હેઠળ આર્થિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓના રૂ. ૭૭.૨૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૨૨૦૮ આવાસોનું લોકાર્પણ અને ગૃહ પ્રવેશ કરવામાં આવ્યું.




### છાપી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા રેલવે સ્ટેશન ને વ્હીલચેર અર્પણ કરાઈ

## છાપી ખાતે સિનિયર સીટીઝન અને દિવ્યાંગો માટે ઉમદા કાર્ય કરતી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તાલુકા બ્રાન્ચ છાપી ની સમગ્ર ટીમ

(બનાસકાંઠા સમાચાર)

વડગામ તાલુકા ના છાપી ખાતે કાર્યરત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્રારા ટ્રેન માં મુસાફરી કરતા સિનિયર સિટીઝનો અને દિવ્યાંગ લોકો ની ચિંતા કરી તેમને પ્લેટફોર્મ ઉપર અવરજવર કરવામાં મુશ્કેલીઓ ના પડે તે માટે શનિવારે છાપી રેલ્વે સ્ટેશન ને વ્હીલચેર અર્પણ કરી માનવતા મહેકાવી હતી

વેપારી મથક છાપી ખાતે કાર્યરત અને સેવા ના કાર્યો માં સતત અગ્રેસર બની રહેલ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી છાપી શાખા દ્રારા એક વ્હીલચેર છાપી રેડક્રોસ તેમજ વેપારી મંડળ છાપી ના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલ ઉપપ્રમુખ શાંતિલાલ મહેશ્વરી , સેક્રેટરી ગીરીશભાઈ મેવાડા તેમજ પ્લાનિંગ કન્વીનર મયુરભાઈ જોષી દ્રારા છાપી રેલ્વે સ્ટેશન માસ્ટર રવિન્દ્રકુમાર અરોરા તેમજ દીનેશકુમાર સિંહ ને સિનિયર સીટીઝન તેમજ દિવ્યાંગ લોકો ઉપયોગ કરી શકે તે માટે અર્પણ કરી વ્હીલચેર ભેટ આપી હતી આ પ્રસંગે પૂર્વ સરપંચ ભરતભાઇ પટેલ , મહેશભાઈ મોદી , રફીકભાઈ મેમણ , મહંમદભાઈ બગા , પી.કે.પટેલ , જનકભાઈ બારોટ , દિલીપભાઈ બરોટ , મહેબૂબભાઈ પટેલ ,પીયૂષભાઈ પરમાર ,પચાંણભાઇ જી. પટેલ સહિત ના યુવા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રેલ્વે સ્ટેશન ના અધિકારીઓ એ ઈન્ડિયન રેડક્રોસ નો હ્રદય થી આભાર માન્યો હતો.







આજ રોજ વીજળી સસ્તી કરવા અને દિલ્હી અને પંજાબ માં જે રીતે ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવમાં આવે છે તેજ રીતે ગુજરાત માં પણ ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી ની માંગ સાથે ઘાટલોડિયા વિધાન સભા માં મસાલ યાત્રા કાઢી વીજળી ના બિલ ની હોળી કરવામાં આવી જેમાં આ વિસ્તાર ના લોકો મોટી સંખ્યામાં જોડાયા.આ યાત્રા માં ઘાટલોડિયા વિસ્તાર ના આમ આદમી પાર્ટી ના રાજેશ પ્રજાપતિ ,વિજય પટેલ ,હસમુખ પટેલ તથા લોકલ આગેવાનો એ હાજરી આપી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.